**શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ**







## માર્ચ ૨૦૦૮



અંક ૮

# મૈત્રી






સંવાહક : શ્રી આર. ડી. વણકર

તંત્રી : ડૉ. એ. વી. પટેલ

સહતંત્રી : શ્રી આર. કે. પટેલ

શ્રી એસ. એચ. પટેલ







## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

### સંતરામપુર જિ. પંચમહાલ

**પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું**




વર્ષ : ૧
અંક : ૯


# મૈત્રી

સામયિક


માર્ચ-
૨૦૦૯





**સંપાદન**

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ

**સંપાદક મંડળ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


**લેખકોને :........**

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

**સાંકળિયું**


૧. પ્રસ્તાવના - શ્રી આર. ડી. વણકર ૧

૨. સંપાદકીય - ડૉ. એ. વી. પટેલ ૨


## ''સંપ''

સંપનું એક વરદાન ઈશ્વર આપે તો બેડો પાર થઈ જાય. સંપ પાછળ જંપ ઢસડાતો આવે. સંત અને જંપ હોય ત્યાં સાક્ષાત મહાલક્ષ્મીજીનો વાસ હોય અને શ્રીલક્ષ્મી હોય તો નારાયણનો વાસ બની રહે અને જયાં સાક્ષાત નારાયણ ભગવાન શ્રીલક્ષ્મી સાથે બીરાજતા હોય ત્યાં અષ્ટ સિદ્ધિ વિનાયક સદાય કલ્યાણ કરતા રહે, અન્નપૂર્ણાજી સદાય ત્યાં આરતી ઉતારતા હોય અને સિદ્ધિ વિનાયક સદાય કલ્યાણ કરતા રહે. આમ સંપીલા માનવ કુળનું જીવન ઉજવળ થાય અને સૌના અંતરમાં સદાય અમૃત છલકાતુ રહે અને પરીવારને પંચામૃતના પાન મળતા રહે. ફક્ત એકજ ''સંપ'' ના પ્રતાપે આ બધુ શક્ય છે અને તેના કારણે જીવન ધન્ય બની રહે. પોતાના માટે તેમજ અન્યોની માટે પણ ''સંપ''ની આરાધના કરો, ઉપાસના કરો. સંપીલા થાય, શાળા બાગની જેમ તમે પણ મહેકી ઉઠશો.

# પ્રસ્તાવના

સારસ્વત મિત્રો

કેસૂડો પૂરબહાર ખીલ્યો છે તેવા ફાગણીયા માહોલમાં સૌ વર્ગખંડમાં થનગનાટ સાથે ઉત્સાહપૂર્વક કામ કરી રહ્યા છો તેનો આનંદ વ્યક્ત કરું. બાળકો પણ નીત તરોતાજા રહે તેવી પ્રવૃત્તિઓથી આપણી શાળાઓ ધમધમી રહે તે જરૂરી છે. હરિયાળી શાળાઓમાં કુદરતના સાનિધ્યમાં બાળકો જે શિક્ષણ મેળવે છે તે ચિરંજીવી બની રહે છે. બાળમેળા અને ઇકો ક્લબનાં નાણાં અને માર્ગદર્શન આપને મળ્યું છે. ત્યારે શાળામાં બાળમેળો એ સાચા અર્થમાં આનંદમેળો બની રહે અને ઇકો ક્લબ અંતર્ગત આપણી શાળાઓ સ્વચ્છ અને નિર્મળ રહે તેની સતત કાળજી રાખીયે. વિજ્ઞાન શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી બાળકો વિજ્ઞાનમાં રસ લેતા કરી વિજ્ઞાનપ્રેમી બનાવીયે. થાય તેટલુ કરીયે' તેમ ન વિચારતાં 'કરીયે તેટલું થાય' વિચારી આપણા શિક્ષકત્વને પ્રભુત્વ કક્ષાનું બનાવી સાચો શિક્ષક ધર્મ બજાવીયે અને વર્ગ શિક્ષણકાર્યની નીજાનંદી મસ્તીનો આનંદ માણીયે, મૈત્રીને સાચા અર્થમાં બાળકો, શિક્ષકો તમામને ઉપયોગી બને તેવા અમારા પ્રયત્નો આપને સવિશેષ ગમશે જ.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

# સંપાદકીય

સ્નેહી ગુરુજનો,

શિક્ષક પ્રતિબદ્ધ બને પૂર્ણ સમયનો કમીટેડ શિક્ષક બને તો વર્ગ સ્વર્ગ બની જાય. આપણા બાળકો એજ આપણું પ્રતિબિંબ છે. આપણા ક્લાસરૂમનું આપણે જાતેજ મોનીટરીંગ કરી આપણામાં વર્ગમાં અને અધ્યાપન-કાર્યમાં પરિવર્તનો આણીયે. ૨૧મી સદીનું બાળક વિજ્ઞાન જગતને ઓળખે, માણે અને વિજ્ઞાનપ્રેમી બને તેવા આપના થકી ઉજળા પ્રયત્નો થાય તે જરૂરી છે. બાળમેળા સંદર્ભે માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કર્યો છે જે આપને બાળમેળાને આનંદ ઉત્સવ બનાવવામાં ઉપયોગી થશે.

ભૂતકાળમાં પંચમહાલની ભૂગોળ જાણીયે ટાઈટલથી આપણા માદરે વતનને જાણવાનો અને માણવાનો પ્રયત્ન કર્યો હતો. આ અંકમાં ૧૮૫૭ના વિપ્લવમાં અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં પંચમહાલનું પ્રદાન અને ભૂમિકા ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. આપણી શાળા સ્વચ્છ અને સુંદર બને તે માટે કટીબદ્ધતાપૂર્વક લાગી જઈએ અને કેસૂડાની જેમ બાળકો શિક્ષણ અને સંસ્કારથી મહેંકી ઉઠે ત્યારે જ સાચા ફાગણીયા ફાગ ખેલ્યાનો આનંદ લૂટીયે.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# શિક્ષકની પ્રતિબદ્ધતા

પ્રા. ડૉ. પંકજ સી. શાહ
બી.એડ. કૉલેજ, ગોધરા

કોઈ એક સત્કાર્ય કોઈપણ ભોગે અદા કરવાની પ્રતિજ્ઞા એનું નામ જ પ્રતિબદ્ધતા. પ્રતિબદ્ધતા એ વ્યક્તિને પોતાની ફરજ બજાવવામાં કટિબદ્ધ કરતું ભાવાત્મક તત્ત્વ છે. રોમરોમમાં વણાયેલી નિષ્ઠા અને ભાવપૂર્વક મંડ્યા રહેવાની તમન્ના, લગતી, તાલાવેલી એટલે જ પ્રતિબદ્ધતા.

પ્રતિબદ્ધતા વ્યક્તિમાં પોતાના વ્યવસાય માટે આંતરિક આનંદની અનુભૂતિ કરાવે છે. માત્ર પંક્તિ કે વિદ્વાન હોવું પૂરતું નથી. પોતાના વ્યવસાયને સ્પર્શતા ક્ષેત્રોમાં પ્રતિબદ્ધતા હશે તો જ સમર્થ બની શકશે. વ્યક્તિની આવડત વિકસાવવા માટે દઢીભૂત કરવાના રસાયણ તરીકે પ્રતિબદ્ધતા અનિવાર્ય છે.

શિક્ષણ એ સમાજનું નવનિર્માણ કરનાર મહાન સત્યશીલ પ્રવૃત્તિ છે. શિક્ષકની પોતાના વ્યવસાય પરત્વેની પ્રતિબદ્ધતા તેના જીવનને આનંદમય બનાવે છે. તેથી જ તે 'માનવ સંસાધન વિકાસ'ના મહત્વના અંગ રૂપ મનાય છે.

**શિક્ષકની વ્યવસાય પ્રત્યેની પ્રતિબદ્ધતા :**

પોતાના વ્યવસાયનું ગૌરવ અનુભવવું અને વ્યાવસાયિક સજ્જતા વિકસાવવા જાગૃત રહેવું અત્યંત જરૂરી છે. ગૌરવનો અનુભવ વ્યક્તિને સ્વમાની બનાવે છે. શિક્ષક એ વિચારખેડુ છે; જે સમાજ માટે મૂર્તિમંત આદર્શ પૂરો પાડે છે. જેમ બાળજન્મતાં આધારે જ સ્ત્રી માતૃત્વ પામે છે, તેમ વિદ્યાર્થીના આધારે જ શિક્ષકત્વ પ્રગટ થાય છે, શિક્ષક જ આવતીકાલના સમાજનો સર્જક હોઈ, તે ભાવપૂર્વક સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં તન-મનથી સમર્પિત થવો જોઈએ. તેણે વ્યાવસાયિક સજ્જતા માટે મેળવેલી તાલીમ સતત નવસંસ્કરણ થાય તે માટે તે સતત વાંચે, વિચારે અને વિકસી - અન્યને વિકસાવવા પ્રેરક બને.

**વિદ્યાર્થી પ્રત્યે પ્રતિબદ્ધતા :**

શિક્ષકની વિદ્યાર્થીનિષ્ઠા એ શિરમોર પ્રતિબદ્ધતા છે. વિદ્યાર્થી થકી જ તે ઉજળો છે, શિક્ષકત્વ પામે છે. વિદ્યાર્થી પ્રત્યે હકારાત્મક અભિગમ ક્રાંતિકારી પરિણામ સર્જે છે. વિદ્યાર્થી પ્રત્યેની શ્રદ્ધા તેનામાં નવું બળ પૂરે છે. અધ્યયન પ્રક્રિયા એવી એક સૂક્ષ્મ ઊર્જા પ્રાપ્તિની ઘટના છે, જેમાં ગુરુ-શિષ્ય વચ્ચેનો સેતુ રચાય છે. ગુરુએ પ્રક્રિયાને તેજસ્વી બનાવવા પહેલ કરવાની છે. શિક્ષકનો અધ્યયેતા તરફ વહેતો 'નિર્મળ - નિર્વ્યાજ પ્રેમ' એ વિદ્યાર્થી પક્ષે મીઠું સંભારણુ બનવું જોઈએ, જેમાં આપવા કરતાં પરસ્પર પ્રાપ્તિનો સહયજ્ઞ હોય છે. તે નામ - જાત, વર્ણ, જાતિ કે ધર્મના ભેદભાવ વગર ચાહે છે. તે કોઈ અપેક્ષા રાખતો નથી. વિદ્યાર્થીની ભૂલો - ત્રુટિઓ સુધારવા મથે છે. તેનું અધ્યયન તેજસ્વી બને તેવું કાર્ય કરે છે. ધૈર્ય ગુમાવ્યા વગર તેના ઊર્ધ્વીકરણના ઉપાયો યોજે છે. વિદ્યાર્થીઓના સમૃદ્ધિકરણના કાર્યક્રમો યોજી પ્રતિપોષણ પૂરું પાડે છે.

**સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા :**

શાળા એ લઘુ સમાજ છે. શાળા એ સમાજનું કેન્દ્ર બની રહે તે જરૂરી છે. "શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા ત્યાં વહે" આવી તીર્થભૂમિનો પુરોહિત છે શિક્ષક... શિક્ષકની સમાજ પ્રત્યેની જવાબદારી અન્ય નાગરિક કરતાં વિશિષ્ટ છે. તે સમાજનો અગ્નિશામક રથ છે. પરિવાર, સમાજ અને વિશ્વના કલ્યાણમાં પોતાનું કલ્યાણ સમજનાર ત્યાગવૃત્તિવાળા નાગરિકો સમાજની મહાન સંપદા છે. સમાજના બધા જ વર્ગના બાળકો પ્રવેશ પામે, ટકી રહે, એ ગુણવત્તાસભર શિક્ષણ મેળવે તેવી સુવિધા પૂરી પાડનાર શિક્ષક જ આ કાર્ય શક્ય બનાવી શકે છે. પ્રતિબદ્ધ શિક્ષક કન્યા શિક્ષણ દ્વારા પરિવાર અને સમાજ કેટલો સશક્ત બને છે, તેની પૂર્વગ્રહરહિતની સમજણ સમાજને પૂરી પાડે છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા સામાજિક ભાગીદારીની તક પૂરી પાડે છે. પ્રશ્નો ઉકેલવામાં સમાજનો સહયોગ સાંપડવાનો માર્ગ કરી આપે છે. શાળાની ભૌતિક અને માનવીય સંપત્તિ

નાગરિકો માટે આકર્ષણના કેન્દ્રરૂપ બનાવવી જોઈએ. ભારતનો શિક્ષક ઋષિમુનિઓ, કુલગુરુઓ, ચાણક્ય, શંકરાચાર્ય જેવા રાષ્ટ્રનિર્માતા-શિક્ષકોનો વારસદાર છે. તે કદી સાધારણ હોતો નથી. ગાંધી, ટાગોર, બુદ્ધ, મહાવીર, વિવેકાનંદના સંદેશને ચરિતાર્થ કરવામાં નિમિત્ત બને એ પણ જરૂરી છે.

**ઉત્કૃષ્ટતા સંપ્રાપ્તિ પ્રત્યે પ્રતિબદ્ધતા :**

ઉત્કૃષ્ટતા એટલે બહેતરથી બહેતર, સર્વશ્રેષ્ઠથી પણ બહેતર થવાની પ્રક્રિયા. વ્યવસાયની આચારસંહિતાથી વ્યવસાયની સમાજમાં ઓળખ થાય, તેમજ પ્રતિષ્ઠા બંધાય છે. શિક્ષક વિચારનું વાવેતર કરનાર છે. તે પોતાના વિદ્યાર્થીના વિકાસથી ગૌરવ અને આનંદ અનુભવે છે. વિદ્યાર્થી પોતાનાથી સવાયો થાય એવું એ ઇચ્છે છે. ઉત્કૃષ્ટતાની પ્રતિબદ્ધતા પ્રાપ્ત કરવાના અભિગમના આદર્શો આ જીવનને ઊંચે ઉપાડવાની વિધાયક પ્રતિબદ્ધતા છે. "Better everybody Better then Best" માટે મડ્યા રહેવું, જેને શિક્ષકની ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિની નિષ્ઠા કહીશું. આ સંપ્રાપ્તિ માટે શિક્ષકે કેટલાક આદર્શો સાથેનો અભિગમ અપનાવવો રહ્યો.

- નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન.
- આવતીકાલ ઉજળી છે તેવી શ્રદ્ધા
- એક ડગલું બસ થાય અને ડગલું ભર્યું કે ના હટવું..

**મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા :**

શિક્ષક પ્રવર્તમાન મૂલ્યો, શાશ્વત અને સમયાનુકૂળ મૂલ્યોનો આદર કરે છે અને પાલન કરે છે તે મૂલ્યનિષ્ઠ કહેવાય. શિક્ષણના વ્યવસાયમાં જોડાયેલી વ્યક્તિ જીવનના પાયાના મૂલ્યોની અવગણના કરે તે કઈ રીતે ચાલે ? શિક્ષકની વાણી, વર્તન અને આચારથી મૂલ્યો પ્રકાશિત થવા જોઈએ. મૂલ્યશિક્ષણ એટલે સભ્યતા અને સંસ્કારનું શિક્ષણ, સંયમ, સાદાઈ, સત્ય, સમભાવ, સમર્પણ, સેવા, નમ્રતા, નિખાલસતા, સ્વાશ્રય, નિર્ભયતા, પ્રેમ, અહિંસા, ન્યાય અને શાંતિનું શિક્ષણ... ટૂંકમાં ચારિત્ર્ય શિક્ષણ સમગ્ર સમાજની સંસ્કૃતિના પોતને તેજસ્વી અને મજબૂત બનાવવા માટે શિક્ષકે પાયાના મૂલ્યોનું જતન કરી, તેના આચરણ અને અમલ માટે નમૂનો પૂરો પાડવાનો છે. શિક્ષકના મૂલ્યનિષ્ઠ જીવન વ્યવહારનો સમાજ પર ભારે પ્રભાવ પડે છે. શિક્ષક આ સંદર્ભે ફાયર બ્રિગેડ સમાન છે.

જે રાષ્ટ્રનો શિક્ષક વ્યવસાય માટે જરૂરી આવડતવાળો હોય, મૂલ્યનિષ્ઠ હોય, તેમજ બાળક, સમાજ, વ્યવસાય તેમજ ઉત્કૃષ્ટતા પરત્વે પ્રતિબદ્ધ હોય તો રાષ્ટ્રનું ભાવિ જરૂર ઉજ્જવળ બની રહેશે.

આવો... આપણે સહું આ બાબતે કટિબદ્ધ બની ઉત્તમ ઉદાહરણ પુરું પાડી ભારતવર્ષ અને સંસ્કૃતિને ઉજાગર કરીએ.

# ૨૦મી સદીના અંતે શિક્ષણની ફલશ્રુતિ

પ્રિ. એમ. એસ. પટેલ
બી.એડ. કૉલેજ, ગોધરા

૧૯મી સદીના ઉત્તરાર્ધથી જ જ્ઞાનનો વિસ્ફોટ એટલો બધો થયો કે જેથી શિક્ષણના માધ્યમો તેના પ્રચાર અને પ્રસાર માટે કૂણાં પડ્યાં. આ ઉણપને દૂર કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા પણ દિન-પ્રતિદિન પૂર ઝડપે વધવા લાગી. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારો પણ દેશમાંથી નિરક્ષરતાનું પ્રમાણ ઘટાડવા અને સાક્ષરતાનો આંક ઊંચો લાવવા માટેના સઘન પ્રયત્નો શરૂ કર્યા, આ માટે જરૂરી શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાની જહેમત ઉઠાવી. પ્રાથમિક શિક્ષણની સાથે સાથે માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ માટેની ઘણીબધી તકો ઊભી કરી. શિક્ષણમાં પડેલા માંધાતાઓ શિક્ષણનો બહોળો પ્રચાર અને પ્રસાર થાય તેમજ તેની ગુણવત્તા જળવાય તે માટેની ભૌતિક સુવિધાઓ, અભ્યાસક્રમ, શિક્ષણની પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો અને મૂલ્યાંકન અંગેના અનેક સંશોધનો હાથધરી શિક્ષણની આદર્શ ભૂમિકા ભજવવાના અથાગ પ્રયત્નો કર્યા, છતાં આજે પ્રવર્તતી શૈક્ષણિક વ્યવસ્થા, શૈક્ષણિક પ્રક્રિયા અને શૈક્ષણિક નિપજ અંગે અનેક વિશાળ

અનુભવ ધરાવતા શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા થયેલા શિક્ષણ પ્રત્યેના આંતરદર્શનથી પ્રગટ થતી વ્યથા-વેદના આપણે સૌને આવતા સમય માટે શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન લાવવાની તાતી જરૂરિયાતનો સંકેત આપે છે. આ અંગે શિક્ષણમાં પડેલા આપણે સૌએ અનુભવેલી અને શિક્ષણના માંધાતાઓ દ્વારા વ્યક્ત થયેલી વ્યથાને જાણી, તેનુ પૃથક્કરણ કરી યોગ્ય ઈલાજ કરવાની આપણી નૈતિક ફરજ છે. આ સંજોગોમાં ૨૦મી સદીના અંત સુધીમાં મેળવેલ શૈક્ષણિક ફલશ્રુતિનું રજૂ થતી વિચારધારા પણ કેળવણીની આદર્શ ભૂમિકાના સાનિધ્યમાં જ થવી જરૂરી છે. આ વેદનાઓનું આપણે વિગતવાર પૃથક્કરણ જોઈએ. ગુરુકુલની શિક્ષણપ્રથાને આપણે માત્ર શિક્ષકકેન્દ્રી વ્યવસ્થા ગણી બેઠા.

આ પ્રથામાં શિક્ષક જ સર્વોપરી છે. તે જે ધારે તેજ ભણાવે, બોલી-બોલીને ભણાવે, પુસ્તકમાંથી જ ભણાવે. વર્ગખંડમાં જ ભણાવે, વિદ્યાર્થીને ક્યાંય સ્થાન નહીં. જેથી, આપણે પરિવર્તન લાવ્યા અને વિદ્યાર્થી કેન્દ્રી પ્રથા શરૂ કરી. તેમાં પણ વિજાણું શસ્ત્રોને સ્થાન આપી શિક્ષકની ભૂમિકાને ઘટાડી વિદ્યાર્થી સ્વપ્રયત્ન શીખે, સ્વાધ્યાય તેમજ અભિક્રમિત પદ્ધતિઓની ભેટ ધરી. આમ પ્રથમ પ્રથામાં વિદ્યાર્થી પરત્વે અને બીજી પ્રથામાં શિક્ષકપ્રત્યે દુર્લક્ષ સેવાયું. પરિણામે, ધારેલી સફળતા ન સાંપડી. કારણ કે, શિક્ષણની પ્રક્રિયા શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની પારસ્પરિક, વૈચારિક તેમજ એકબીજાએ પરસ્પર દાખવેલ વર્તનોની હારમાળા છે. અસરકારક પરિણામ લાવવા માટે બંને શુદ્ધ અવસ્થામાં સક્રિય રીતે કાર્ય કરે તે જરૂરી છે. બંને એકબીજા સાથે તાદાત્મ્યતા કેળવે, એકબીજાને દરેકની મર્યાદાઓ અને વિશેષતાઓથી પરિચિત થાય તોજ આદાન પ્રદાનની પ્રક્રિયા વધુ અસરકારક બને. ગુરૂકુલોમાં શિષ્યોને ગુરૂ બરાબર ઓળખી, તેનામાં પડેલી સુષુપ્ત શક્તિઓની જાણકારી મેળવ્યા બાદ, તેને અનુરૂપ માહિતી કે જ્ઞાન કે અનુભવ પૂરા પાડતા હતા. જે જ્ઞાન વ્યવહારલક્ષી તેમજ જીવનલક્ષી બનતું હતું. માનવને માનવ બની રહેવાનો દરજ્જો આપતું હતું. અને આજે સંસ્કારવિહીન, મૂલ્યોવિહીન જીવન ગુજારતો માનવી પેદા કર્યો છે. આજની શિક્ષણપ્રથામાં સંસ્કારોનું જતન થાય, મૂલ્યોનું જતન થાય, નૈતિકતા-પ્રમાણિકતાનું જતન થાય એવા કેટલા પાઠની ગોઠવણી છે ? ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં હાર્દરૂપ તત્ત્વોનો સમાવેશ કર્યો પછી તેના આચરણ કે તેનાથી ઊભી થયેલા અસરની માત્રા કેટલી ? આ બંને બાબતો આપણે વિચારવી રહી.

ભાર વિનાના શિક્ષણની હિમાયત કરી અને આજે આપણને બોજરૂપ અને ખર્ચાળ શિક્ષણની ભેટ મળી. માસુમ બાળકોને બે બાબતોની ખાસ અગત્યતા છે. એક માતૃવાત્સલ્ય અને માતૃભાષાની. પરંતુ આપણી વિચારસરણીએ માસુમ બાળકોને નર્સરી શાળાઓ કે બાલમંદિરોની લાદીઓ પર સૂવડાવી તેમનામાં સ્ફૂરતી શક્તિઓ પર સ્ટીમ રોલર ફેરવી દીધું છે. માતાઓ ગરજ સારે છે એ સૂત્રને આપણે અભરાઈએ ચઢાવી દીધું છે. ઉછરતા બાળકોમાં માતાના સંસ્કારોનું સિંચન થાય છે, અને અદનો માનવી પેદા થાય છે એવી આપણી જાણકારી હોવા છતાં બાળકોને નર્સરી સ્કૂલો અને બાલમંદિરોમાં મોકલી તેઓની મુક્તતા છીનવી લઈ ભણતરનો બોજ વધારી દીધો છે. આ ઉપરાંત માતૃભાષાને ભૂલાવી અંગ્રેજીના ક્રેઝને આપણે વળગી પડ્યા. પરંતુ આપણા ભૂતકાળ પર નજર કરીએ તો ધોરણ-૮ થી અંગ્રેજી વિષયનું શિક્ષણ લેનાર મોટાભાગની વ્યક્તિઓ અંગ્રેજી વિષય પર પ્રભુત્વ મેળવી અદના વ્યક્તિ બની શક્યા છે. કોઈપણ વ્યક્તિને પોતાની માતૃભાષા પર પ્રભુત્વ મેળવ્યા પછી અન્ય ભાષા શીખવામાં ઘણી સરળતા રહે છે. જેથી માતૃભાષાના શિક્ષણ પર કાબૂ મેળવ્યા પછી અંગ્રેજી ભાષાની તરફેણ કરવી જરૂરી છે. વર્તમાન યુગમાં અંગ્રેજી શિક્ષણની તાતી જરૂરીયાત છે પરંતુ માતૃભાષાના શિક્ષણને ભોગે નહીં. આ અંગેના પુરાવા અંગ્રેજી માધ્યમમાં ભણતા અને ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓના ધો. ૧૦ અને ધો. ૧૨ની જાહેર પરીક્ષાઓના પરિણામો છે આ પરથી એવુ ફલિત થાય છે કે માતૃભાષાની એવી પકડ પ્રાપ્ત કરેલ હોય કે જે અન્ય ભાષા શીખવવામાં સરળતા પેદા કરી શકે. પરંતુ અત્યારે માતૃભાષાની આવી કોઈ અસર જોવા મળતી નથી. જેથી માતૃભાષાના શિક્ષણ અંગે કંઈક વિચારવું રહ્યું !

આજનું શિક્ષણ ખરેખર ગણતર વિનાના ભણતર જેવું સાબિત થયું છે. ઘડતરવિહોણાં, ચારિત્ર્ય વિહીન શિક્ષણે આજે નૈતિકતાના મૂલ્યોનો છેદ ઉડાવી દીધો છે. આજે શિક્ષણમાં ચાલતા સ્વાર્થ, ભ્રષ્ટાચાર, ડોનેશનપ્રથા, ટ્યુશનપ્રથા દોષિત પદ્ધતિ, સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકનની અવગણના જેવા દૂષણો વડે મૂલ્યોનો હ્રાસ કરી દીધો છે. સંસ્કારો અને સંસ્કૃતિ તરફ ઉદાસીનતા અને ધાર્મિક શિક્ષણનો અભાવ જોવા મળ્યો છે. આથી જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય અને નૈતિકતાના મૂલ્યોનું પ્રસ્થાપન અને જતન થાય તેવી શિક્ષણ પ્રથાની જોગવાઈ કરવા અંગેની વિચારણા થવી જરૂરી છે.

શાળાને આપણે બગીચા સાથે સરખાવીએ છીએ. તેમાં ખીલતા ફૂલો બાળકો છે. અને ફૂલ છોડનું જતન કરતો માળી શિક્ષક છે. બગીચાનું વાતાવરણ પ્રદૂષણ વિહીન અને શુદ્ધ હોય છે. એથી આવા વાતાવરણમાં અદના નાગરિકોનું ઘડતર થાય છે. આવા કંઈક આપણા આદર્શો હતા. પરંતુ આજના સમયમાં આપણને અન્ય પ્રકારની વિપરિત અસરનાં દર્શન થયા છે. આજની શૈક્ષણિક સંસ્થાઓ અનૈતિકતાનું પોષણ આપી રહી છે. સંચાલકોએ વેપાર માંડ્યો છે. ભ્રષ્ટાચાર, ડોનેશનપ્રથા, ટ્યુશનપ્રથા, જાતિ સાથે ચેડાં, અનામતપ્રથા જેવા દૂષણોએ માનવને દૂષિત કરવા માટે સર્જાયેલા શિક્ષણને આજે ડચકા ખાતુ કરી દીધું છે.

આવા ઘડતર વિનાના ભણતરે માત્ર ગોખણપટ્ટીને પ્રાધાન્ય આપ્યું છે. આમ બી. એફ. સ્કીનરે આપેલી શિક્ષણ વ્યાખ્યા :

"Education is what survives, when what has been learnt is forgotten." ભણેલું ભૂલાઈ ગયા પછી જે બચે તે શિક્ષણ''ની સંપૂર્ણ અવગણના કરી છે.

આજે શિક્ષણમાં માત્ર થોકબંધ માહિતીઓનું પ્રદાન, ખામી ભરેલી હકીકતોનું પ્રદાન, જથ્થાબંધ તત્ત્વોનું પ્રદાન કરેલ છે. અને શિક્ષણની પરિભાષા ''જેટલું પ્રદાન વધુ તેટલુ શિક્ષણ ઊંચુ'' આવી બનાવી છે. પરંતુ શિક્ષણની આ પરિભાષા અંગેની પાયાની ભૂલ આપણને જોખમી નીવડી છે. કારણ કે આજ સર્વત્ર પ્રદાનને જ મહત્ત્વ આપવામાં આવે છે પણ તેની અસર અંગે ચિંતા સેવાતી નથી. વિજ્ઞાનના આવિષ્કારે આજે માહિતીના પ્રદાનને હરણફાળ આપી છે, પણ તેનાથી થતી અસર અંગે ચિંતા સેવી નથી. દા.ત. : અણુમાં પડેલી તાકાતને વિજ્ઞાને પ્રગટ કરી દીધી, પરંતુ અણુબોમ્બ સર્જાયા પછી તેની અસર સમગ્ર વિશ્વને ભયના ઓથાર હેઠળ જીવતું કરી દીધું છે. હજારો માઈલ દૂર થઈ રહ્યું છે, તેનું જીવંત પ્રસારણ દિવાનખાના સુધી કરી આપતી સેટેલાઈટ શક્તિ સક્રિય થઈ. પરિણામે માણસના કૂખે રાક્ષસો પાકતા ગયા. હિંસા અને દુરાચારે માજા મૂકી દીધી. લોખંડના સાધનોના જોડાણની તાકાતનો પરિચય વિજ્ઞાને કરાવ્યો, યંત્રો બનાવ્યા અને માણસને યંત્રવત્ - જડ બનાવી દીધો. ઉત્પાદન વધતું ગયું, માલનું અને બેકારીનું. આમ આજે પ્રદાન મુખ્ય અને અસર ગૌણ બને તેવી શિક્ષણપ્રથાએ શિક્ષણમાં શૂન્યતા સર્જી છે. શિક્ષાવૃત્તિને ભિક્ષાવૃત્તિમાં ફેરવી દીધી છે.

આજે માહિતીઓ વધી છે, પણ માણસે માહિતીઓ સંઘરવાનું એક હાઈટેક ગોડાઉન વસાવ્યુ છે નામે કમ્પ્યુટર, કમ્પ્યુટર એ ચોક્કસ કોઈ માનવનું સર્જન છે, પણ એક એવું સર્જન છે કે, જેને કરોડો માણસોની સર્જન શક્તિને કુંઠિત કરી દીધી. આવા સાધનમાં માણસની ગણનાશક્તિ, ધારણાશક્તિ અને સર્જનશક્તિ કેદ થઈ ગઈ છે. આવા સાધનો થકી મગજનો કાર્યભાર ઘટી જાય છે, તે સગવડ હશે, પરંતુ મગજની ધાર બુઠ્ઠી કરી દીધી છે. મેટલ વિકાસ અને મેન્ટલ વિકાસ વચ્ચેનો ભેદ પારખવાની જરૂરિયાત ઊભી કરી છે. તે તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવાનો સંકેત સૂચવે છે.

આજનો સાર્વત્રિક શિક્ષણનો અભિગમ પણ આપણને ગુણવત્તા વિહીન બનાવી દીધા છે. ૧૯૬૬માં કોઠારી કમિશને રજૂ કરેલી વિભાવનાઓ ''વર્ગની સંખ્યા માત્ર ૨૦ થી ૨૫ની હોવી જોઈએ.'' તે તરફ આપણે દુર્લક્ષતા સેવી ગુણવત્તાને જોખમી બનાવી દીધી છે. આર્થિક પરિસ્થિતિ ભલે આપણી નબળી હોય, તેમ છતાં શિક્ષણની અસરકારક ભૂમિકા દાખવવા વર્ગની સંખ્યા પર આપણી નજર કેન્દ્રિત કરવાનો સમય પાકી ગયો છે.

આ સર્વ બાબતોથી ફલિત થાય છે કે, જીવનમાં જે મળે છે તેની કિંમત માત્ર ૧૦% છે. તે મળ્યા પછી માણસ જે બને છે તેની કિંમત ૯૦% છે. "Life is 10% what you get it and 90% what you make it"

આજના શિક્ષણના ગુણધર્મોનું પૃથક્કરણ નીચે મુજબ લેખી શકાય.

શરીર છે, આત્મા નથી

પૈસા છે, પરમાત્મા નથી.

સ્વાર્થ છે, પરમાર્થ નથી.

આલોક છે, પરલોક નથી.

જે દેશની કરોડો માનવ પ્રજા અસ્મિતા અને ધાર્મિકતાને વરેલી હોય તેમને મેળવવાનું શિક્ષણ ધાર્મિકતા વિનાનું રાખવું તે કેટલી બધી અવાસ્તવિક ઘટના છે ?

શિક્ષણના સમગ્ર કલેવરમાં આત્મા, પરમાત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, પરલોક અને મોક્ષ જેવા શબ્દો પર અર્ધા પાના જેટલું પણ વિવેચનનો ક્યાંય સમાવેશ કરેલ નથી. તે જ સાબિત કરે છે કે આ નાસ્તિકતાનું ઝેર ફેલાવતું શિક્ષણ છે.

અણુમાં રહેલી શક્તિનો પરિચય અને પ્રગટ કરવાના ઉપાયો સુધી વધુ શીખવીને અણુશક્તિના વિસ્ફોટ સુધી માનવીય બુદ્ધિ સક્રિય બની છે પણ અમૂર્ત એવા આ આત્મસ્વરૂપની વિભાવના અને તે સ્વરૂપના પ્રાગટ્ય માટેના વિશ્લેષણ સમગ્ર અભ્યાસક્રમમાં જ્યારે સ્થાન લેશે, ત્યારે જ આસ્તિકો પેદા થશે અને એવી શિક્ષણપ્રથાનું નિર્માણ થાય, તો આજે એક ખૂણામાં પડેલો પેલો ગભરું બાળક ભારત દેશનો અદનો નાગરિક બનશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

અને છેલ્લે, ૨૦મી સદીના અંત સુધી શિક્ષણ ક્ષેત્રે વર્તાતી વિપરિત પરિસ્થિતિમાંથી મુક્ત કરવાની અને શિક્ષણક્ષેત્રે અદનું વાતાવરણ સર્જવાની ઈશ્વર આપણે સૌને શક્તિ આપે એજ અભ્યર્થના !

# ૧૮૫૭ના વિપ્લવમાં પંચમહાલનું પ્રદાન


પ્રા. એ. જી. ઠાકોર
અધ્યક્ષ : ઈતિહાસ વિભાગ
આદિવાસી આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ,
સંતરામપુર.


સ્વાતંત્ર્ય માટેના પ્રથમ સંગ્રામની સાર્ધ શતાબ્દીની ઉજવણી દેશભરમાં ઉજવાઈ રહી છે. શાળા કોલેજ યુનિવર્સિટી અને બીજી સામાજિક, રાજકીય, આર્થિક સંસ્થાઓએ પણ આજથી દોઢસો વર્ષ પહેલાં ઘટેલી એ મહાન ઘટનાને યાદ કરી. વિદ્વાનો અને ઈતિહાસકારોએ આ સ્વાતંત્ર્ય સંગ્રામની ઘટનાના મૂળ સુધી જવા મથામણો કરી. ત્યારે આ દેશના મૂળ નિવાસી ગણાતા આદિવાસીઓ અને તેમના વિસ્તાર પંચમહાલ જિલ્લામાં ૧૮૫૭ના બળવાની કેવી અને કેટલી ઘટનાઓ ઘટી તથા તેની કેવી અસરો થઈ તે તપાસવાનો નમ્ર પ્રયાસ કરું છું.

૧૮૫૭ના મહાસંગ્રામમાં ગુજરાત અને પંચમહાલનો સિંહફાળો હતો. દાહોદથી દ્વારકા સુધી લગભગ ૧૦ વર્ષ સુધી અંગ્રેજો વિરુદ્ધ હથિયાર ઉગામવામાં આવ્યા હતાં. ભીલ ઠાકરડા, કોળી, પટેલ, આરબ, સંધિ, વાઘેર જેવી કોમોએ તેમાં ભાગ લીધો હતો. અંદાજે, ૧૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા. અનેક ગામોને સળગાવી દેવાયાં હતાં. અનેક ને ઝાડ પર ફાંસીએ લટકાવી દેવાયા હતા. અનેક ને તોપને નાળચે બાંધીને ઉડાવી દેવાયા હતા. કેટલાકને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યા હતા. અનેકોને જન્મટીપની સજાઓ થઈ હતી. લગભગ ૧૦૦ જેટલાં ગામડાંને "નિઃશસ્ત્રીકરણ"ના નામે જલાવી દેવામાં આવ્યાં હતાં.[૧]

જ્યારે ગુજરાતમાં આટલી મોટી ખુવારી થઈ હોય તો તેમાં પંચમહાલ કેમ બાકાત હોય ! ખરા અર્થમાં તો પંચમહાલ જિલ્લો ગુજરાતમાં ૧૮૫૭ના વિપ્લવના મુખ્ય કેન્દ્ર સમાન હતો. પચમહાલમાં બળવાની શરૂઆત અને તેના વિકાસ પાછળ કેટલાંક પરિબળો જવાબદાર હતાં. પ્રથમ પંચમહાલ જિલ્લામાં ભીલ, નાયક, કોળી, પટેલિયા, રાઠવા, ધાનકા, જેવા આદિવાસી અને પેટા જૂથો વસવાટ કરતા હતા. ભીલ નાયકડા અને કોળીઓ ઉદ્દામવાદી અને સ્વાતંત્ર્ય પ્રિય જાતિઓ હતી.

ઈતિહાસના સમય પટ પર અનેક રાજકીય પરિવર્તનો થવા છતાં આદિવાસીઓએ પોતાની પરંપરાઓ અને સ્વાયત્તા જાળવી રાખી હતી. આદિવાસીઓ પોતાની જમીનોના માલિકો હતા. મહીકાંઠા અને રેવાકાંઠા વિસ્તારોમાં આદિવાસીઓની નાની નાની ઠકરાતો હતી.[૨] બ્રિટીશ શાસનના સંપર્કે આદિવાસીઓની સ્વાયત્તા સામે પડકારો ઊભા થયા હતા. બીજું, પંચમહાલ મધ્યભારતની નજીક આવેલું હોવાથી વિપ્લવકારીઓને આવન જાવન માટે અનુકૂળ હતું. મધ્યભારતમાં મંદસોર, મ્હોઉ, ઈન્દોર અને ધારમાં સૈનિક વિદ્રોહ થયા પછી તેની અસર પંચમહાલમાં થઈ. ત્રીજું, પંચમહાલમાં આ સમયે ચારે બાજુ ગાઢ જંગલો હોવાથી વિપ્લવકારીઓને છાપામાર યુદ્ધની ખૂબ અનુકૂળતા હતી. ચોથું, આ વિપ્લવનો મુખ્ય નેતા એવો તાત્યાટોપે પંચમહાલ જિલ્લામાં પંદર જેટલા દિવસ સક્રિય હતો.[૩] તેની હાજરીએ પંચમહાલના લોકોમાં વધારે ઉન્માદ પેદા કર્યો હતો. ઉપરાંત નાનાસાહેબ પેશ્વાના એક ભત્રીજા રાવસાહેબ પેશ્વા પણ ગુજરાતનાં જંગલોમાં રોકાયા હતા.[૪] પંચમહાલમાં વિપ્લવ માટે આ પરિબળો અસર કર્તા ગણી શકાય.

પંચમહાલ જિલ્લામાં વિપ્લવની શરૂઆત દાહોદથી થઈ. દાહોદ ઉત્તર અને મધ્યભારતથી વધારે નજીક હતું. તેથી ઉત્તર અને મધ્યભારતના પ્રદેશોમાંથી રોહિલા અને રાજપૂત વિપ્લવીઓ દાહોદના માર્ગે થઈને ગુજરાતમાં પ્રવેશતા હતા. ચાલાક બ્રિટિશરોએ અગમચેતી વાપરીને અગાઉથી જ દાહોદના કિલ્લાને મજબૂત બનાવી લીધો હતો. તથા કિલ્લા ફરતી ખાઈઓ ખોદાતી હતી.[૫] આમ છતાં, ઉત્તર ભારતમાં વિપ્લવની સફળતાના સમાચાર સાંભળી ૬ જુલાઈ ૧૮૫૭ના રોજ દાહોદમાં પ્રજાએ બળવો પોકાર્યો. દાહોદ તાલુકાના અભલોડ ગામના ઈનામદાર ચુનીલાલ દેસાઈ વિપ્લવીઓના અગ્રેસર હતા. તેમના નેતૃત્વ નીચે લગભગ ૫૦૦ જેટલા માણસોએ દાહોદના કિલ્લાને ઘેરી લીધો હતો. ૬ જુલાઈ થી ૧૧ જુલાઈ સુધી દાહોદ બળવાખોરોના ઘેરામાં રહ્યું. આ પછી કેપ્ટન બકલે બે તોપો સાથે દાહોદ આવ્યો. તે વાવાઝોડાની જેમ વિપ્લવકારીઓ પર તૂટી પડ્યો. 'દેખો ત્યાં ઠાર'ના હૂકમો આપી બળવાખોરોને કચડી નાખ્યા. ચુનીલાલ દેસાઈ ભાગી ગયા. ૧૫ જેટલા બળવાખોરો પકડાયા, જેમાં એકને ૧૪ વર્ષની સખત મજૂરીની કેદ, ૯ ને આજીવન કાળાપાણીની સજા, અને ૪ ને મૃત્યુદંડની સજા થઈ.[૬] જે ચારને મૃત્યુદંડની સજા થઈ હતી તેમને ૨૪ ઓગસ્ટ ૧૮૫૭ની સવારે તોપના ગોળે બાંધીને ઉડાવી દેવામાં આવ્યા હતા.[૭]

એક માન્યતા પ્રમાણે અભલોડના ઈનામદાર તરેદારખાં કાનુંગા ને મોતની સજા થયેલી અને તેનું ઈનામ ગામ અભલોડ સરકારે જપ્ત કરેલું. ચુનીલાલ દેસાઈ પણ પાછળથી પકડાયેલો અને તેને જેલની સજા થયેલી પરંતુ રાણી વિક્ટોરીયાના ઢંઢેરાના કારણે તેને જેલમાંથી મુક્ત કરવામાં આવેલો. વિપ્લવ દરમ્યાન દાહોદના કિલ્લાનો હિંમતથી બચાવ કરનાર હુશેનશાહ ખાનને દાહોદ પાસેનું માંડાવાવ ગામ ઈનામમાં આપવામાં આવેલું.[૮]

દાહોદના બળવાની અસર બારીયા ઉપર થઈ દાહોદના બંડ સાથે સંકળાયેલા દેવગઢબારીયાના એક સિપાહીએ બારીયાના જંગલમાં ભીલોને ઉશ્કેર્યા. આથી દેવગઢબારીયામાં બકલેના સૈન્યને ભીલોએ રોક્યું અને ધમાસાણ લડાઈ થઈ. ૨૨ જુલાઈએ અંગ્રેજોએ બળવાખોર ભીલો પર વિજય મેળવ્યો હતો.[૯]

ગોધરા પણ બળવાનું અગત્યનું કેન્દ્ર હતું. મધ્યભારતના ઈંદોર અને મહાવથી બંદુકધારી બળવાખોરો ગોધરામાં પ્રવેશ્યા હતા. ૬ટ્ઠી જુલાઈએ ૧૮૫૭ના રોજ બળળાખોરો પ્રવેશ્યા અને સ્થાનિક લોકોનો ટેકો પ્રાપ્ત કરી સરકારી કચેરીઓનો કબ્જો લઈ લીધો. સરકારી ખજાનાની લૂંટ કરી. બળવાખોરોને પરાજય આપવા તથા ગોધરાને વિપ્લવીઓના કબ્જામાંથી મુક્ત કરવા કેપ્ટન બકલેએ મેજર ટોમસની લશ્કરી ટુકડી, શેપીના તોપદળ અને ગાયકવાડના ૧૦૦ના અશ્વદળ સાથે ૭મી જુલાઈની રાત્રિએ ગોધરા પર હુમલો કર્યો. પરંતુ વિપ્લવીઓ બ્રિટિશરોના તાબામાં ન આવતા છટકી ગયા હતા. આ પછી કેપ્ટન બકલેએ દાહોદ તથા ગોધરાની રક્ષા માટેની બન્ને સ્થળે મજબૂત લશ્કરો મૂક્યા હતાં.[૧૦]

બળવાની અસર ઝાલોદ તથા લીમડી પર વિશેષ થઈ. ગોધરાની થોડી ઘણી સફળતા પછી વિપ્લવીઓ ઝાલોદ તરફ ગયા હતા. ઝાલોદ તાલુકાના લીમડી ગામ

પર હુમલો કરી ત્યાંની સરકારી કચેરીઓનો નાશ કરી સંપત્તિની લૂંટ ચલાવી હતી. આ પછી બળવાખોરોએ લીમડી પાસેના ડુંગરી ગામમાં પણ નુકશાન પહોંચાડ્યું હતું. ત્યારપછી લગભગ ૨૦૦૦ જેટલા બળવાખોરોએ ઝાલોદનો કબજો લીધો. ઝાલોદનું સરકારી સૈન્ય પણ બળવાખોરો સાથે ભળી ગયું. બળવાખોરોએ ઝાલોદની સરકારી તિજોરીમાંથી રૂા. ૨૦૦૦/-ની લૂંટ ચલાવી, થાણાનો નાશ કર્યો અને જેલમાંથી કેદીઓને મુક્ત કર્યા.[૧૧]

પંચમહાલમાં બળવાના ફેલાવામાં વિલાયતીઓનો પણ ફાળો હતો. ગુજરાતના નાના મોટા રાજ્યો એ સમયે પોતાના લશ્કરમાં આરબ, કાબુલી, સિંધી અને મકરાણીઓને સિપાઈઓ તરીકે રાખતા હતા. ગુજરાતમાં તેઓ વિલાયતી' તરીકે ઓળખાતા હતા. દાહોદ, સૂંથ (સંતરામપુર) અલીરાજપુર વગેરેના બળવામાં આ 'વિલાયતી' વધારે સક્રિય હતા.

સુંથ (સંતરામપુર)માં મહારાણા ભાવસિંહજી જે બ્રિટિશ તરફી હતાં. તેમના લશ્કરમાં વિલાયતી સૈનિકો હતા. આ વિલાયતીઓએ પોતાનો ચડેલો પગાર વસૂલ કરવાના બહાને જમાદાર મુસ્તફાખાનના નેતૃત્વ નીચે જુલાઈ ૧૮૫૭માં બંડ પોકાર્યું. રાજાએ પોતાનાં થોડાં ઘણાં ઘરેણાં બેંકરને ત્યાં ગીરવે મૂકીને મુસ્તફા ખાનને થોડી રકમ ચૂકવી હતી તો પણ એણે ઘેરાવો ચાલુ રાખ્યો હતો. [૧૨] આથી સૂંથના રાજાએ કેપ્ટન બકલને પોતાને તુરત જ લશ્કરી સહાય મોકલવા વિનંતી કરી. આજ કારણે ૨૫-૯-૧૮૫૭ના રોજ દાહોદ છાવણીમાંથી બકલે એ મેજર રોબર્ટ્સને પત્રથી જણાવ્યું કે સૂંથના રાજા કોળી પ્રજાની ધરપકડ કરવા અસમર્થ છે. રાજા પોતાની નિર્બળતા સ્વીકારે છે. સાથે સાથે ૨૪-૭-૧૮૫૭ના રોજ રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટને પોલીસો તરફથી મળેલી ધમકીની જાણ કરે છે. પોલીસોએ એવી ધમકી આપી છે કે તેઓ દેશને લૂંટી દિલ્હી તરફ કૂચ કરશે.[૧૩] એવી અફવા પણ ફેલાવવામાં આવી હતી કે બ્રિટિશ સરકારે હકૂમત ગુમાવી દીધી છે. આ પરિસ્થિતિને નજરઅંદાજ કર્યા વગર લેફ. અલ્બનને ઘોડેસવાર ટુકડી સાથે સૂંથ મોકલવામાં આવ્યો. ઓગસ્ટના બીજા સપ્તાહમાં અલબન સૂંથ પહોંચ્યો. મુસ્તફાએ સશસ્ત્ર સામનો કર્યો, પરંતુ અલ્બનની ગોળીથી તે માર્યો ગયો અને તેના ચાર સાથીઓ પણ મરાયા. આઠ સાથીઓ પકડાયા બાકીના નાસી છૂટ્યા[૧૪], આ રીતે સૂંથમાં બંડ દબાવી દેવામાં આવ્યું હતું.

લુણાવાડામાં બળવાનું નેતૃત્વ સૂરજમલે લીધુ હતું. સુરજમલ લુણાવાડા રાજ્યનો ભાયાત અને ડાકોરની આસપાસના પ્રદેશનો જાગીરદાર હતો. કેપ્ટન બકલેએ તેને ડાકોરની હદની બહાર ન જવા આદેશ આપ્યો હતો. પણ સૂરજમલે આદેશ માન્યો નહિ અને ૧૫ જુલાઈ ૧૮૫૭ના રોજ લુણાવાડા પર હુમલો કર્યો. પ્રથમ સંઘર્ષમાં લુણાવાડાના રાજાએ બ્રિટિશ લશ્કરની મદદથી તેને પાછો હટાવ્યો પરંતુ પાછળથી લુણાવાડા રાજ્યના દુશ્મન અને પાલ્લા ગામના ચારણ જાગીરદાર કાનદાસ તેમજ અન્ય ઠાકોરો અને કોળીઓની સહાયથી સૂરજમલે ફરી લુણાવાડા કબજે કરવા હુમલો કર્યો.

લુણાવાડાના રાજાએ બ્રિટિશરોની મદદ માંગી. મેજર એન્ડ્રુજ અને એશબર્નરની ટુકડીઓએ બળવાખોરોને પરાજય આપ્યો. કાનદાસ પકડાઈ જતાં તેને જેલમાં પૂરી પછીથી ફાંસી આપવામાં આવી.[૧૫] સૂરજમલ ભાગી છૂટ્યો. તેને પકડવા માટે સરકારે રૂા. ૧૦૦૦નું ઈનામ જાહેર કર્યું હતું.

મહી નદીને કાંઠે આવેલું ખાનપુર ગામ લુણાવાડાના રાજાના સાર્વભૌમત્વ નીચે હતું. ગામના કોળીઓ અને ગામના મુખીએ બળવાખોરોને ટેકો આપ્યો હતો. આથી ખાનપુરના મુખીને સરકારનું તેડું આવ્યું. પરંતુ મુખીએ તેની અવગણના કરી અને ખાનપુરને બ્રિટિશ અમલમાંથી મુક્ત જાહેર કર્યું. આથી કેપ્ટન બકલે થોડા પાયદળ, હયદળ, તોપદળ તથા કેટલાક ગાયકવાડી સૈનિકો સાથે ૬ઠ્ઠી ડિસેમ્બરની વહેલી સવારે ખાનપુરને ઘેરી લીધું. ગામના વડા (મુખી) તથા અગ્રણીઓના ધરપકડ કરી ગામને બાળી મૂક્યું. પાછળથી ખાનપુરના મુખીને ફાંસી આપવામાં આવી જ્યારે પકડાયેલા કોળીઓને કાળાપાણીની સજા કરવામાં આવી. પાલ્લા ગામને પણ બાળી મૂકવામાં આવ્યું હતું.[૧૬]

પંચમહાલમાં જાંબુઘોડા પણ વિપ્લવનું અગત્યનું કેન્દ્ર હતું. જાંબુઘોડાના બંડનું નેતૃત્વ રૂપસિંહ નાયકે કર્યુ હતું. રૂપસિંહ પંચમહાલના આદિવાસીઓમાં પણ પછાત ગણાતી નાયક જ્ઞાતિનો નેતા હતો. તે જાંબુઘોડા રાજ્યના દાંડીયાપુરા ગામમાં જન્મ્યો હતો. તે નારૂકોટ સંસ્થાનની

ઝીંઝરી ગામની જાગીરનો વારસ હતો. લોકવાયકાઓમાં તેને જાંબુઘોડાના રાજા તરીકે રજૂ કરવામાં આવ્યો છે. નારૂકોટ સંસ્થાનની ઝીંઝરીની જાગીર તેની પાસેથી છીનવી લેવામાં આવી હતી. વળી, નારૂકોટના જાગીરદાર જગત બારીયાએ તેના પિતાનું ખૂન કર્યું હતું. તેની જાગીર પડાવી લેવામાં છોટાઉદેપુર તથા દેવગઢબારીયા જેવાં રાજ્યો દોષિત હતાં. અંગ્રેજ સત્તા નાયકાઓ વિરુદ્ધ એ રાજ્યોને ટેકો આપતી હતી. સ્થાપિત હિતો નાયકાઓ પાસે બળજબરીપૂર્વક વેઠ કરાવતા હતાં. આથી સમગ્ર નાયકા જ્ઞાતિમાં અસંતોષ હતો. રૂપસિંહ નાયકને અસંતુષ્ટ નાયકા જ્ઞાતિનો ટેકો પ્રાપ્ત થયો હતો.

ઈ.સ. ૧૮૫૭માં વિપ્લવ સમયે પેદા થયેલી અશાંત પરિસ્થિતિનો રૂપસિંહે પૂરો લાભ લીધો. ઓક્ટોબર ૧૮૫૮માં ભાઉ સાહેબ પવારની ઉશ્કેરણીથી રૂપસિંહ નાયક અને કેવળ નાયકે બ્રિટિશરો સામે જંગ શરૂ કર્યો. નારૂકોટ થાણું લૂંટ્યું. ૮મી રેજીમેન્ટ એન.આઈ.ના કેપ્ટન બેટ્સની ટુકડી પર જાંબુઘોડા પાસે હુમલો કર્યો. વિલાયતીઓ, દેશી બંદૂકધારીઓ તથા તાત્યાટોપેના ભાગેલા લશ્કરની ટુકડીઓ વગેરે મળીને ચાંપાનેર અને નારૂકોટ વચ્ચેના વિસ્તારો કબજે કર્યા.[૧૭]

રૂપસિંહ નાયકના બંડ સામે કેપ્ટન કોલીયર, કેપ્ટન, બ્રેટ સ, મેજર ઉલીસન, વિલ્સન, બ્રેમવેલ જેવા સેનાપતિઓએ મોરચા સંભાળ્યા હતા. નાયકડા અને મકરાણીઓની સંયુક્ત સેનાએ કેપ્ટન વોલેસનના સૈન્યને પણ મોટું નુકશાન પહોંચાડ્યું હતું. આખરે રીચાર્ડ બોર્નરના સૈન્ય સામે રૂપસિંહનો પરાજય થયો. ભીલ કોળીની મદદથી નાયકડાઓને શરણે આવવાની ફરજ પાડી. રૂપસિંહ નાયકે સામાન્ય માફી માંગી શસ્ત્રો હેઠાં મૂક્યાં.

બળવાની આટલી મુખ્ય ઘટનાઓ ઉપરાંત વિપ્લવનો મુખ્ય નેતા તાત્યા ટોપે પંચમહાલમાં પંદર દિવસ જેટલું રહ્યો હતો. તેણે ગોધરા, કાલોલ, હાલોલ, દેવગઢબારીયા, દાહોદ, ઝાલોદ, લીમડી વગેરેમાંથી સારા પ્રમાણમાં માણસો, પૈસા અને શસ્ત્રો એકત્રિત કર્યા હતા તથા અહીંના લોકોને બ્રિટિશરો વિરુદ્ધ ઉશ્કેર્યા હતા.

આટલી માહિતી પરથી એ નિષ્કર્ષ ઉપર આવી શકાય કે, ૧૮૫૭ના વિપ્લવમાં પંચમહાલનું યોગદાન નાનું-સુનું ન હતું. જિલ્લાનાં મોટા ભાગનાં ગામો અને નગરોમાં બળવાની હવા પ્રસરી હતી. સ્થાનિક જાગીરદારો, તાલુકદારો અને બ્રિટિશ હકૂમત સામે જંગ છેડાયો હતો. દાહોદ, ગોધરા, ઝાલોદ, લીમડી, સૂંથ, લુણાવાડા, પાલ્લા, ખાનપુર, જાંબુઘોડા, બારીયા, વગેરે સ્થળોએ વિપ્લવની જ્વાળાઓ સળગી હતી જેમાં અહીંની સ્વાતંત્ર્યપ્રિય ભીલ, કોળી, નાયક, ઠાકોર, પટેલીયા અને વિલાયતીઓ જેવી જ્ઞાતિઓએ પોતાની આહુતિ આપી હતી.

**સંદર્ભ**


૧. યોજના : ઓગસ્ટ-૨૦૦૭. વિષ્ણુ પંડ્યાનો લેખ પૃ. ૪૨
૨. આરપાર : ૧૯ નવેમ્બર-૨૦૦૭ દિપોત્સવી વિશેષાંક પૃ. ૫૨
૩. વાઘેલા અરૂણ : ઈતિહાસ અન્વેષણા (ઈતિહાસ વિષયક લેખ સંગ્રહ) ગોધરા-૨૦૦૧, પૃ. ૨૬
૪. યોજના : પૂર્વોક્ત પૃ. ૪૫
૫. શાસ્ત્રી એચ.જી., ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ-૧૯૮૪. પૃ. ૬૮
૬. Gujrat State Gazatters Panchmahals District. Editor : Dr. G. P. Patel 1972 Ahmadabad P. 118
૭. યોજના : પૂર્વોક્ત : પૃ. ૪૩
૮. વાઘેલા અરુણ : પૃ. ૨૭
૯. ગુજરાત દિપોત્સવી અંક, ભાગ-૧ ૨૦૦૬ : પૃ. ૪
૧૦. શાસ્ત્રી એચ. જી. પૂર્વોક્ત : પૃ. ૭૫
૧૧. વાઘેલા અરુણ : પૂર્વોક્ત : પૃ. ૨૮
૧૨. શાસ્ત્રી એચ. જી. પૂર્વોક્ત : પૃ. ૭૭
૧૩. Gujrat State Gazatter પૂર્વોક્ત : પૃ. ૧૨૦.
૧૪. કુમાર, મે ૨૦૦૭, : પૃ. ૩૭૫
૧૫. શાસ્ત્રી એચ.જી. પૂર્વોક્ત : પૃ. ૭૫.
૧૬. Gujrat State Gazatter, પૂર્વોક્ત : પૃ. ૧૨૨.
૧૭. વાઘેલા અરુણ : ઈતિહાસ દર્પણ : સુરભિ પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ ૨૦૦૬, : પૃ. ૨૧
૧૮. વાઘેલા અરુણ : એજન : પૃ. ૧૮
૧૯. શાસ્ત્રી એચ.જી. પૂર્વોક્ત : પૃ. ૮૦

ક્રમાંક / ડાયટ / DRU / ૨૦૦૮
જિ. શિ. અને તાલીમ ભવન
સંતરામપુર જિ. પંચમહાલ
તા. ૧૭-૩-૨૦૦૮

પ્રતિ,

BRC કો.ઓ. શ્રી

CRC કો.ઓ.શ્રી / આચાર્યશ્રી તમામ પ્રા. શાળા, પંચમહાલ જિલ્લો

વિષય : ઈકો ક્લબના પ્રવૃત્તિઓ અને બાળમેળા યોજવા બાબત

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપને જણાવવાનું કે પ્રત્યેક શાળામાંથી એક શિક્ષકને ઈકો ક્લબ અંતર્ગત કરવાની પ્રવૃત્તિઓ અંગે ડાયટ સંતરામપુર દ્વારા તાલીમ અપાયેલ છે. આ અંગે વધુ માર્ગદર્શન મૈત્રી-અંકમાં પણ આપવામાં આવેલ છે અને આ અંગે પ્રત્યેક શાળાને રૂા. ૩૬૫ સહાય પેટે ચૂકવેલ છે. હાલ ઈકો ક્લબની પ્રવૃત્તિઓ માટે રૂા. ૨૦૦ અને બાળમેળાની પ્રવૃત્તિઓ માટે રૂા. ૪૨૫ પ્રત્યેક શાળાને ચૂકવવામાં આવેલ છે. તમામ શાળાએ બાળમેળા અને ઈકો ક્લબની પ્રવૃત્તિઓ સત્વરે પૂર્ણ કરી થયેલ કાર્યનો અહેવાલ CRCC / BRCC મારફતે ડાયેટને તૂર્તજ પહોંચતો કરવાનો રહેશે. BRCC / CRCC એ પ્રત્યેક શાળાને નાણાં ધિરાણ કર્યાની પહોંચ અને ખર્ચ અંગેમાં યુટીલાઈઝેશન સર્ટી. મેળવી લેવાનાં રહેશે. CRCC એ કલસ્ટરમાં આવેલી તમામ શાળાની કુલ રકમની પહોંચ અને ખર્ચનું યુટીલાઈઝેશન (કુલ રકમનું) BRCC મારફતે ડાયેટને દિન-૧૦માં પહોંચતું કરવાનું રહેશે.

સદર અંકમાં બાળમેળામાં યોજી શકાય તેવી પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપેલ છે. CRCC એ આપેલ ફોર્મેટમાં માહિતી એકત્ર કરી BRCC ને આપવી BRCC એ સમગ્ર તાલુકાની માહિતી ફોર્મેટમાં ભરી યુટીલાઈઝેશન સર્ટી. સાથે ડાયેટમાં જમા કરાવવાની રહેશે.

**પત્રક-૧ બાલમેળાની માહિતી**

| અ.નં. | CRCનું નામ | શાળાઓની સંખ્યા | મળેલ કુલ રકમ | બાળમેળામાં ભાગ લેનાર કુલ બાળકોની સંખ્યા | બાળમેળામાં બાળકોને માર્ગદર્શન આપનાર શિક્ષકોની સંખ્યા | બાળમેળામાં યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓની યાદી | ખર્ચ થયેલ કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|

**પત્રક-૨ ઈકો ક્લબ અંગેની માહિતી**

| અ નં. | CRCનું નામ | CRCમાં આવેલ શિક્ષકની સંખ્યા | મળેલ કુલ રકમ | ઈકો ક્લબ અંતર્ગત શાળામાં થયેલ પ્રવૃત્તિઓની યાદી | થયેલ કુલ ખર્ચની વિગત |
|---|---|---|---|---|---|

નકલ રવાના

૧. સચિવશ્રી, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટ પંચ. ગોધરા

૩. બી.કે.નિ. / તા. કે. નિ. તમામ જાણ તથા અમલવારી સારુ.

આર. ડી. વણકર
પ્રાચાર્ય
ડાયટ, સંતરામપુર

# બાળમેળો

**❊ બાળમેળાના હેતુઓ :**

- બાળકોની ક્રિયાશીલતાને પોષાય.
- બાળકોની જિજ્ઞાસા જાગૃત થાય.
- બાળકોની સામૂહિક ભાવના વિકસે.
- બાળકોની સર્જનવૃત્તિ સંતોષાય.
- બાળકોની વિચારશક્તિ વિકસે.
- બાળકો અંતતૃપ્તિ અનુભવે.
- બાળકોનો આત્મવિશ્વાસ કેળવાય.
- બાળકોને અભિવ્યક્ત થવાની તક મળે.
- વ્યવસ્થા, શિસ્ત, સમયપાલન, ચોકસાઈ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે.

**❊ બાળ મેળાના પ્રવૃત્તિ ખંડો :**

**❊ ગીત-સંગીત-અભિનય :**

**❁ શા માટે ?**

હૃદયની કેળવણી થાય છે. ❊ સૂર, લય અને તાલમાં તરબોળ બની આનંદની અનુભૂતિ કરે છે. ❊ તાલબદ્ધ રીતે ગાતાં શીખે છે. ❊ ભાષા શિક્ષણ થાય છે, શબ્દભંડોળ વધે છે. ❊ અભિવ્યક્ત થવાની તક મળે છે. ❊ શરમસંકોચ દૂર થાય છે. ❊ ગીત સાથે તેને અનુરૂપ જ્ઞાન મળે છે. ❊ કલ્પના શક્તિ વિકસે છે.

**❊ વર્ગખંડની પ્રવૃત્તિઓ :**

તાલની રમત, જોડકણાં, બાલગીત, અભિનય ગીત.

**❊ સાધનો :** ખંજરી, મંજીરા, ઢોલક, તબલાં

**❊ બાલરમત :**

**❁ શા માટે ?**

❊ આનંદની અનુભૂતિ થાય છે. ❊ વ્યક્ત થવાની તક મળે છે. ❊ સમૂહમાં રહેવાની ભાવના સંતોષાય છે, ભ્રાતૃભાવ વિકસે છે અને મૈત્રીના મંડાણ થાય છે. ❊ બાળકોનું શરીર સુદૃઢ અને ખડતલ બને છે. ❊ ધીરજ, એકાગ્રતા, સહિષ્ણુતા, શિસ્ત, વ્યવસ્થા, નિયમપાલન, સહકાર અને ખેલદિલી જેવા ગુણો વિકસે છે. ❊ તાજગી અનુભવે છે. ❊ નેતૃત્વની તેમ જ જવાબદાર અનુયાયી બનવાની તાલીમ મળે છે. ❊ અનુકૂલન સાધતાં શીખે છે.

**❊ રમાડવા જેવી રમતો :**

❊ પંખી ઊડે ફરરરર. ❊ ખાઊં. ❊ ગાંધીજી કહે. ❊ હું કહું તેમ કરો, કરું તેમ નહીં. ❊ ભીમની છીંક, ❊ અગડમ્ બગડમ્. ❊ ગાળિયા પસાર, ❊ નદી કે પર્વત, ❊ ગોળના ગાડા આવે છે, ❊ કેટલા રે કેટલા ? ❊ પાસીંગ ધ પાર્સલ, ❊ સંગીત ખુરશી.

**❊ સાધનો :**

દોરી, દડો, બેસવાનું ટેબલ, વર્તુળ કરવા ચોકસ્ટીક, ગાળિયા, ખંજરી વગેરે.

**❊ બાલવાર્તા :**

**❁ શા માટે ?**

❊ આનંદની અનુભૂતિ થાય છે. ❊ કલ્પના વિકાસ થાય. ❊ પાત્રો-પ્રસંગો દ્વારા સમાજજીવનનો પરિચય થાય. ❊ શબ્દ ભંડોળ વધે ભાષા વિકાસ થાય. ❊ સ્મૃતિ વિકાસ થાય., નાટ્યશક્તિનો પાયો રચાય. ❊ આવેગોને વ્યક્ત થવાનો મોકો મળે - ભાવ વિરેચન થાય., સંસ્કાર ઘડતર થાય ❊ શિક્ષક કે મા-બાપ સાથે આત્મીયતા સધાય. ❊ વાર્તા દ્વારા અન્ય વિષયો રસપ્રદ રીતે શીખવી શકાય. ❊ જિજ્ઞાસા જાગૃત થાય - તૃપ્ત થાય.

**❊ કહેવા જેવી વાર્તાઓ :**

❊ કચેરી મેં જાઉંગા., ટશૂકભાઈ ❊ દીકરીને ઘેર જવા દે. ❊ સસ્સાભાઈ સાંકળિયા. ❊ રાજા સુપડકન્નો. ❊ કાગે મારું મોતી લીધું. ❊ સાંભળો છો દળભંજનજી ❊ રૂપા કેરી મઢૂલી.

**❊ સાધન :** વાર્તા કહેનાર માટે ઉંચી બેઠક.

❊ બાળનાટક :

❁ શા માટે ?

❊ અભિવ્યક્ત થવાની તક મળે. ❊ વક્તૃત્વશક્તિ વિકસે. ❊ અવલોકન અને અનુકરણ કરવાની શક્તિ વિકસે. ❊ અભિનય કૌશલ્ય ખીલે. ❊ સભાક્ષોભ - સંકોચ દૂર થાય. ❊ સ્નાયુઓ પર કાબુ આવે. ❊ સ્મૃતિ, કલ્પના અને તર્ક શક્તિનો વિકાસ થાય. ❊ ઉચ્ચારણો શુદ્ધ થાય. ❊ આવેગોની સહજ અભિવ્યક્તિ થાય. ❊ નાયકનું કથાવસ્તુ સહજ રીતે આત્મસાત થાય.

❊ ભજવવા જેવાં બાલનાટકો :

❊ વાર્તા કહીને, તેને આધારે બનતા બાલનાટકો. ❊ ઘરમાં બનતાં બનાવ પરથી રચાતાં નાટકો. ❊ શાળામાં શેરીમાં બનેલા પ્રસંગો પરથી બનતાં નાટકો. ❊ કવિતાના આધારે બનતાં નાટકો. ❊ પ્રાણીઓની બોલવા ચાલવાની રીત રજૂ કરતાં નાટકો (મિમિક્રિ).

❊ સાધનો :

મુગટ, ટોપી, પટ્ટો, ખેસ, લાકડી, ખુરશી, દુપટ્ટો, રીબીન, દોરી, સૂંડલી, ચાદર, પશુ-પક્ષીનાં મ્હોરાં વગેરે.

❊ માટીકામ :

❁ શા માટે ?

❊ ભીની માટીનો સ્પર્શ આનંદ આપે છે. ❊ હસ્ત કૌશલ્ય ખીલે છે., કલ્પના શક્તિ વિકસે છે., સર્જનનો આનંદ પ્રાપ્ત થાય છે. ❊ મુક્ત અભિવ્યક્તિને તક મળે છે ❊ જે વસ્તુનું સર્જન કર્યું હોય તે અંગે વિશેષ જ્ઞાન મળે છે. ❊ આંખ અને હાથના આંગળાંઓનું સામ્રાજ્ય કેળવાય છે.

❊ માટી કામની કરવા જેવી પ્રવૃત્તિઓ :

ખેતરાઉ માટી ચાળી, ચોખ્ખી કરી થોડી રાખ ભેળવીને પલાળવી. તેની મદદથી નીચે જેવી પ્રવૃત્તિઓ કરાવવી.

❊ શાકભાજીના નમૂના ❊ મણકા ❊ પશુ-પક્ષીના નમૂના ❊ ઘર વપરાશની ચીજોનાં નમૂના ❊ ફળોના નમૂના ❊ વાહનોના નમૂના ❊ ઘર.

❊ સાધના : પલાળેલી માટી, પસ્તી.

❊ છાપકામ :

❁ શા માટે ?

❊ સર્જનનો આનંદ માણે ❊ હસ્તકૌશલ્ય ખીલે ❊ કલ્પના વિકાસ થાય ❊ સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણો વિકસે ❊ જુદા જુદા રંગોથી પરિચિત થાય ❊ મૂળરંગોમાંથી મિશ્રરંગો બનાવતાં શીખે ❊ છાપકામની વિવિધ રીતોથી પરિચિત થાય.

❊ છાપકામની વિવિધ પ્રવૃત્તિઓ :

❊ ભીંડા વડે છાપકામ ❊ બટાકા વડે છાપકામ ❊ અંગૂઠા-આંગળી વડે છાપકામ ❊ દોરા વડે છાપકામ ❊ કાગળના ડૂચા વડે છાપકામ ❊ પાંદડાં વડે છાપકામ ❊ સિક્કા વડે છાપકામ.

❊ સાધનો :

વિવિધ રંગો ભરેલા વાટકા, ભીંડા, કોતરેલા બટાકા, દોરી, સ્ટેમ્પ પેડ, કાગળના ડૂચા, પાંદડાં, પસ્તી વિવિધ સિક્કા.

❊ ચિત્રકામ :

❁ શા માટે ?

❊ સૌંદર્યદષ્ટિ વિકસે ❊ કલ્પના વિકાસ થાય ❊ આંગળાના સ્નાયુઓ કેળવાય ❊ મુક્ત અભિવ્યક્તિની તક મળે ❊ સર્જનનો આનંદ મળે ❊ લેખન માટેની પૂર્વ તૈયારી થાય. ❊ ચિત્રની 'વિષય વસ્તુ' વિશે વિશેષ જાણકારી મળે ❊ અવલોકન શક્તિ વિકસે ❊ એકાગ્રતાનો ગુણ કેળવાય.

❊ કેવાં ચિત્રો દોરાવી શકાય ?

❊ પશુ-પક્ષીના. ❊ કુદરતી દશ્યો. ❊ પ્રસંગ ચિત્રો, ભૌમિતિક આકારોની મદદથી બનતાં ચિત્રો. ❊ ધ્વજ-ધજાનાં ચિત્રો, ઘરની વસ્તુઓ. ❊ રંગોળી. ❊ ટપકાં કે ક્રમિક. ❊ અંકો જોડી ચિત્ર બનાવવું. ❊ ચિત્ર ઉપર પારદર્શક કાગળ મૂકી ચિત્ર પાડવું. ❊ કાર્બન પેપરની મદદથી ચિત્ર છાપવું. ❊ પૂંઠાના કટિંગની ધાર આજુબાજુ પેન્સિલ ફેરવી ચિત્ર પાડવું.

❋ **સાધનો :**

કાગળ, પેન્સિલ, જુદા જુદા ભૌમિતિક આકારોનાં પૂંઠા, બંગડી, જુદાં જુદાં ચિત્રોવાળાં કેલેન્ડરો.

❋ **રંગપૂરણી :**

❋ **શા માટે ?**

❋ સર્જનનો આનંદ મળે. ❋ આંગળાના સ્નાયુઓ કેળવાય. ❋ વિવિધ રંગોનો પરિચય થાય. ❋ મિશ્ર રંગો બનાવતા શીખે. ❋ સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણો કેળવાય. ❋ જેમાં રંગ પૂરે તે 'બાબત'નો પરિચય થાય.

❋ **રંગપૂરણીની પ્રવૃત્તિઓ :**

❋ પશુ-પક્ષીના ચિત્રમાં રંગપૂરણી. ❋ રંગોળીમાં રંગકામ. ❋ ફૂલોમાં રંગ પૂરવો. ❋ ધ્વજ કે ધજામાં રંગો પૂરવાં. ❋ ઢીંગલીના ચિત્રમાં રંગપૂરણી. ❋ પ્રકૃતિ ચિત્રમાં રંગપૂરણી. ❋ ભૌમિતિક આકૃતિઓમાં રંગપૂરણી.

❋ સાધનો : તૈયાર ચિત્રો, રંગો, ટેકા માટે પાટી, પેડ કે પૂઠું.

❋ **ગડીકામ :**

❋ **શા માટે ?**

❋ સર્જનનો આનંદ માટે. ❋ હસ્ત કૌશલ્ય ખીલે. ❋ ચોકસાઈનો ગુણ વિકસે. ❋ નકામી વસ્તુઓમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવતા શીખે. ❋ રચનાત્મક કલ્પનાઓનો વિકાસ થાય.

❋ **ગડીકામની પ્રવૃત્તિ :**

❋ કાગળની વિવિધ ગડી કરાવવી. ❋ ચોપડી, કબાટ, હોડી, છરી વહાણ, કપ રકાબી, પાકિટ, ટોપી, બાસ્કેટ, બોક્ષ વગેરે બનાવવાં.

સાધનો : પસ્તી અથવા સાદા કાગળનાં કે ઘૂંટેલા કાગળના ચોરસ ટુકડાઓ.

❋ **કાતરકામ :**

❋ **શા માટે ?**

❋ સૌંદર્ય દૃષ્ટિ વિકસે. ❋ હસ્ત કૌશલ્ય ખીલે. ❋ સર્જનનો આનંદ માણે. ❋ ધીરજ, ચોકસાઈ અને સ્વચ્છતા જેવા ગુણો વિકસે. ❋ કાતરનો યોગ્ય રીતે ઉપયોગ કરતાં શીખે.

❋ **કાતરકામની પ્રવૃત્તિઓ :**

❋ ઘૂંટેલા કાગળની ગડીવાળી, તેમાં કાતરથી કાપા મૂકી, વિવિધ ડિઝાઈન પાડવી. ❋ સાદડી બનાવવી. ❋ ચિત્રમાંથી જુદા-જુદા ભાગ/આકારો ❋ પતંગના કાગળમાંથી રંગબેરંગી પટ્ટીઓ કાપવી.

❋ સાધનો : ઘૂંટેલા કાગળ, પતંગના કાગળ, સળી, કાતર, કાર્ડપેપર, ગુંદર.

❋ **ચીટક કામ :**

❋ **શા માટે ?**

❋ સૌંદર્ય દૃષ્ટિ વિકસે. ❋ નવસર્જનનો આનંદ માણે. ❋ ગુંદર, લાહી, ફેવીકોલ વગેરેનો ચોકસાઈ પૂર્વક ઉપયોગ કરતાં શીખે. ❋ કલ્પનાશક્તિ વિકસે. ❋ ગૃહસુશોભન માટે જરૂરી વસ્તુઓ જાતે બનાવતાં શીખે.

❋ **ચીટકકામની પ્રવૃત્તિઓ :**

❋ વિવિધ આકારો પર દિવાસળી ચોંટાડવી. ❋ વિવિધ આકારો પર ટીલડી કે ચાંદલા ચોંટાડવા ❋ તાવડી કે પૂંઠા પર આભલાં, સિતારા કે ઝગમગિયા કાગળનાં વિવિધ આકારોથી નવી નવી ભાત ઉપસાવવી. ❋ કાર્ડ પેપર પર ઘૂંટેલા કાગળમાંથી કાપેલા વિવિધ આકારો ચોંટાડી વોલપીસ બનાવવું. ❋ રંગીન ઘૂંટેલા કાગળમાં કોઈ દશ્યની વિવિધ બાબતો અલગ-અલગ કાપી તેને કાર્ડપેપર પર ચોંટાડી સળંગ ચિત્ર બનાવવું. ❋ આઈસ્ક્રીમની ચમચી કાર્ડપેપર પર વિવિધ રીતે ચોંટાડી જુદા-જુદા આકારો ઉપસાવવા. ❋ કાર્ડપેપરની ફૂલદાની કેબાકસના ઘૂઘરા કે કાર્ડપેપરના મુગટ પર સુશોભન કરવું.

❋ **સાધનો :**

ઘૂંટેલા કાગળ, કાર્ડપેપર, આઈસ્ક્રીમની ચમચી, ગુંદર / લાહી / ફેવીકોલ, કાતર વગેરે.

❋ **વિજ્ઞાન પ્રયોગ શાળા :**

❋ **શા માટે ?**

❋ અવલોકન શક્તિ વિકસે. ❋ જિજ્ઞાસાવૃત્તિ

ઉત્તેજાય સંતોષાય. ❊ સંશોધનવૃત્તિ ખીલે. ❊ તર્કશક્તિ વિકસે. ❊ વર્ગીકરણ, પૃથક્કરણ અને સંયોગીકરણ કરતાં શીખે. ❊ કાર્ય કારણ સંબંધો જાણે. ❊ વૈજ્ઞાનિક ઉપકરણોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે. ❊ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે. ❊ અનુભવજન્ય જ્ઞાન મેળવે.

**❊ વિજ્ઞાનના સાદા પ્રયોગો :**

લોહચૂંબક અને ખીલી વચ્ચેનું આકર્ષણ ❊ લોહચૂંબક અને ઉત્તર-દક્ષિણ દિશાઓ ❊ પાણીમાંથી પ્રકાશનું પરાવર્તન સપ્તરંગી પટ્ટો પાડવો. ❊ બિલોરી કાચથી અક્ષરો જોવા. ❊ પાણીમાં શું તરે ? શું ડૂબે ? ❊ સાદા પાણીમાં અને મીઠાવાળા પાણીમાં લાકડું કેટલું ડૂબે ? ❊ પાવર તોડવો. ❊ બેટરી ચાલુ કરવી ❊ તાળુ ખોલવું. ❊ મીણબત્તી પર પ્યાલો ઢાંકવો. ❊ બકનળીથી પાણી એક વાસણમાંથી બીજા વાસણમાં ફેરવવું. ❊ ખાલી શીશી પાણીમાં ડૂબાડવી. ❊ ત્રાજવા વડે વજન કરવું. ❊ કેલીડોસ્કોપ જોવું. વગેરે.

**❊ સાધનો :**

લોહચૂંબક, ખીલીઓ, ટાંકણી, દોરી, સ્ટેન્ડ, બિલોરીકાચ, કાચના ગ્લાસ, ટેસ્ટટ્યુબ અને સ્ટેન્ડ, ખાંડ મીઠું, લોખંડની ભૂકી, લાકડાના ટુકડા, મીણબત્તી, રબ્બરની નળી, કેલિડોસ્કોપ, તાળું અને ચાવીઓનો ઝૂડો, પાવર, બેટરી, અરીસો, ત્રાજવું વગેરે.

**❊ જાદુનગરી :**

**❊ શા માટે ?**

❊ મનોરંજન ❊ વિસ્મય સંતોષાય. ❊ જિજ્ઞાસા જાગૃત થાય. ❊ જાદુઈ ઘટના પાછળનું વિજ્ઞાન સમજે. ❊ જાદુ કરી શકે તેવાં સાધનો બનાવે.

**❊ જાદુની પ્રવૃત્તિઓ :**

❊ મૂળરંગોની મિલાવટથી મિશ્ર રંગો બનાવવા. ડબ્બામાંથી આદેશ અનુસાર વરસાદ વરસાવવો. ❊ કોરા કાગળમાં અદૃશ્ય શાહીથી લખેલો સંદેશો વાંચવો. ❊ ફુગ્ગાનું ઓપરેશન ❊ કાગળમાં પાણી ઉકાળવું. ❊ બિલોરીકાચથી કાગળ બાળળો. ❊ પાણીમાં સોય તરાવવી. ❊ બે ખાલી પ્યાલા ચોંટાડી દેવા. ❊ પ્યાલા નીચેનો સિક્કો ગૂમ કરવો. ❊ પડીકી પર પાણી છાંટી પડીકી સળગાવવી (પડીકીમાં પોટેશ્યમ પરમેંગેનટ - લીંબુના ફૂલ રાખવા). ❊ રૂમાલમાં રાખેલી દિવાસળીના કટકા કરી - આખી દિવાસળી કરી આપવી વગેરે.

**❊ ભાષા શિક્ષણ :**

**❊ શા માટે ?**

❊ શબ્દ ભંડોળ વધે - ભાષાજ્ઞાન વિકસે. ❊ હસ્ત કૌશલ્ય ખીલે. ❊ અવલોકન શક્તિ વિકસે. ❊ સર્જનનો આનંદ માણે.

**❊ ભાષા શિક્ષણની પ્રવૃત્તિઓ :**

❊ મૂળાક્ષરો કાપવા. ❊ મૂળાક્ષરોમાં રંગ પૂરવા ❊ મૂળાક્ષરો ગોઠવી શબ્દો બનાવવા. ❊ શબ્દો ઉપર ટીલડી / અનાજ / ઝરી ચોંટાડવી. ❊ મૂળાક્ષરોની જોડી બનાવવી. ❊ જોડિયા શબ્દો બનાવવા. ❊ શબ્દોમાંથી વાક્યો બનાવવા. ❊ શબ્દોને અનુરૂપ વસ્તુચિત્રની જોડી બનાવવી. ❊ ચિટ્ઠીમાં લખેલ લખાણ વાંચવું અને તે મુજબ ક્રિયા કરવી. ❊ શબ્દને અંગ સાધક પ્રત્યયો લગાડી બનતા શબ્દો તથા મૂળશબ્દની જોડી બનાવવી. ❊ આપેલ લખાણ સુંદર અક્ષરે લખવું. ❊ પોતાનો પરિચય આપવો. ❊ આજ્ઞા મુજબ ક્રિયાઓ કરવી.

**❊ સાધનો :**

જુદા-જુદા પદાર્થના ચિત્રો, તેને અનુરૂપ શબ્દકાર્ડ મૂળાક્ષરો, મૂળાક્ષરોનાં કટિંગ્ઝ, મીણિયા રંગો, જોડાક્ષરોના કાર્ડઝ, લખાણ લખેલ ચિટ્ઠીઓ, ચણાદાળ, ટીલડી, ઝરી, ગુંદર વગેરે.

**❊ ગણિત શિક્ષણ :**

**❊ શા માટે ?**

❊ ગણન કૌશલ્ય વિકસે. ❊ હસ્ત કૌશલ્ય ખીલે. ❊ અવલોકન શક્તિ વિકસે. ❊ તર્કશક્તિ વિકસે. ❊ સંખ્યાની વિવિધ રીતે સરખામણી કરતાં શીખે. ❊ ચડતા-ઉતરતાક્રમની સંકલ્પના સમજે. ❊ સ્થાનકિંમતની સંકલ્પના સમજે.

❀ ગણિત શિક્ષણની પ્રવૃત્તિઓ :

❀ અમુક સંખ્યાના મણકાની માળા બનાવે. ❀ મણકા કે કચૂકાનાં સૂચવ્યા મુજબની જૂથ બનાવે. ❀ સમાન સંખ્યા દર્શાવતા કાર્ડઝની જોડી બનાવે. ❀ કાર્ડમાં દર્શાવેલ સંખ્યા મુજબ ખૂટતી સંખ્યાના ચાંદલા ચોડે. ❀ ૧ થી ૧૦ સુધીના ચડતા/ઊતરતા ક્રમમાં બંગડીના ટુકડા ચોંટાડી લાઈનો કરે. ❀ કાર્ડમાં લખેલ સંખ્યા મુજબ સમાન અંતરે બિયાં ચોંટાડી નાની - મોટી સંખ્યા નક્કી કરે. ❀ આપેલ સંખ્યાના અંકોની સ્થાનકિંમત મુજબ મણકાઘોડીમાં દાખલો ગણે.

**સાધનો :**

મણકા, મણકાઘોડી, સોય-દોરા, બિયાં, કાર્ડઝ, ગુંદર, સંખ્યા કાર્ડ, બંગડીના ટુકડા, સરવાળા-બાદબાકીના દાખલા, લખેલા કાર્ડઝ, કચૂકા, ચાંદલા વગેરે.

❀ **બાળમેળાનું આયોજન :**

→ ઉપર દર્શાવેલ પ્રવૃત્તિઓમાંથી બધી અથવા તો અનુકૂળતા મુજબ દસ જેટલી પ્રવૃત્તિઓ પસંદ કરવી.

→ દરેક પ્રવૃત્તિનું સંચાલન કરી શકે / નિદર્શન કરી શકે અને માર્ગદર્શન આપી શકે તેવા પ્રવૃત્તિ દીઠ બે-બે તજજ્ઞો તૈયાર કરવા.

→ જેટલી પ્રવૃત્તિઓ નક્કી કરી હોય તેટલાં વર્ગખંડ અલગ ફાળવવા. કેટલીક પ્રવૃત્તિઓ મેદાનમાં ઝાડ નીચે પણ ચાલી શકે. દરેક ખંડ ઉપર તેમાં જે પ્રવૃત્તિ ચાલતી હોય તેના નામનું બોર્ડ લગાડવું.

→ વર્ગ સંચાલકે પોતાના પ્રવૃત્તિખંડમાં અડધો કલાક વહેલા આવી, બાળકોની બેઠક વ્યવસ્થા વિચારી લેવી. પ્રવૃત્તિ માટેના સાધનોની ચકાસણી કરી લેવી. જરૂરી સાધનો એકત્રિત કરી, વર્ગમાં યોગ્ય સ્થળે ગોઠવી રાખવા.

→ દરેક વર્ગમાં વીસ-વીસ બાળકો પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા રાખવી. તે મુજબ સાધન સામગ્રી પણ લાવી રાખવી.

→ દરેક વર્ગખંડમાં વારા ફરતી વીસ-વીસ બાળકો અડધો કલાક માટે બેસે તેવી યોજના વિચારવી.

→ દરેક વર્ગખંડમાં વીસ બાળકો પાસે ત્રીસ મિનિટમાં કેટલું કામ કરાવી શકાય તેનો અંદાજ કરવો. તેટલા સમયમાં થઈ શકે તેટલી જ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

→ દર ત્રીસ મિનિટે બેલ વાગે એટલે એક વર્ગખંડના બાળકો બાજુના વર્ગખંડમાં આવે એ રીતે વર્ગખંડ બદલતા રાખવા

→ કુલ દસ પ્રવૃત્તિઓ હોય તો વર્ગખંડમાં કુલ પાંચ કલાક જોઈએ તથા એક કલાક વિશ્રાંતિ તેમજ વર્ગ બદલવા માટેની હેરફેર માટે જોઈએ આમ કુલ છ કલાકનો સમય આ પ્રકારના કાર્યક્રમ માટે જોઈએ.

→ બાળકો એક સાથે છ કલાક બેસી ન શકે એટલે બાલમેળાનું આયોજન બે બેઠકમાં કરવું.

→ બાલમેળામાં ભાગ લેનાર બાળકો માટે નાસ્તાની તેમજ પાણીની વ્યવસ્થા રાખવી.

→ આ પ્રવૃત્તિ વિજ્ઞાનમેળાની જેમ જોવા માટેની નથી. પણ ભાગ લેનાર બાળકો માટેના વિકાસ માટે છે.

→ બાળમેળો પૂરો થયા બાદ બાળકોને ભેગાં કરી, સંમેલન કરવું. તેમને શું શું કરવું ગમ્યું તે પૂછવું.

→ બાળકોએ તૈયાર કરેલ કૃતિઓનું પ્રદર્શન ભરવું. આ પ્રદર્શન શાળાના અન્ય બાળકોને બતાવવું.

→ બાલમેળો એ ભાગ લેનાર બાળકો માટે આનંદની યાત્રા છે તથા તેના સર્વાંગી વિકાસ માટેનો એક અવસર છે. એનાથી બાળકના મનમાં વિકાસ માટેની અલગ અલગ દિશાઓ ખૂલે છે જે તેના ભવિષ્ય માટે તેના મનમાં કશાકનું આરોપણ કરી જાય છે. આ બીજારોપણ ભવિષ્યમાં વૃક્ષ બનીને પાંગરે છે.

→ બાળકોને આનંદથી તરબોળ કરી દેતાં તથા તેમની સુષુપ્ત શક્તિઓને જગાડતાં આવા બાલમેળાઓ શાળાએ યોજાય તેવી શ્રદ્ધા છે.

# વર્ગખંડની પ્રક્રિયાઓનું સુનિયંત્રણ
# (Classroom-Monitoring) (આટલુ વિચારીએ)

ડૉ. એ. વી. પટેલ
ડાયટ, સંતરામપુર

**૧. સામાન્ય વર્ગખંડ - પર્યાવરણ**

**(ક) અધ્યયન માટેનું પર્યાવરણ :**

- વર્ગખંડ સ્વચ્છ અને સુઘડ છે ?
- રાજ્ય સરકારના ધોરણો પ્રમાણે વર્ગખંડમાં વર્ગ સંખ્યા આરામથી સમાય છે ? વર્ગખંડ ગીચોગીચ ભરાયેલ છે ?
- વર્ગખંડ વિદ્યાર્થીઓના કાર્યને પ્રદર્શિત કરે છે ?
- વિદ્યાર્થીઓના પાઠો સાથે સુસંગત આર્ટ / પોસ્ટર / ચિત્રો / ઉદાહરણો અને ભીતલખાણો વર્ગખંડ પ્રદર્શિત કરે છે.
- દિવસના પાઠો સાથે સુસંગત સામગ્રી પ્રદર્શિત કરેલી છે ? તેનો ઉપયોગ થતો રહ્યો છે ?
- વર્ગખંડ બાહ્ય ઘોંઘાટ / અવરોધ / અન્ય આકર્ષણોથી પૂરતા પ્રમાણમાં મુક્ત છે ?

**(ખ) બેઠક તરેહ :**

- બેઠક વ્યવસ્થા ગીચતાથી મુક્ત છે ?
- પ્રત્યેક વિદ્યાર્થીને કાર્ય માટે પૂરતી જગ્યા છે ?
- બેઠક તરેહ પ્રવૃત્તિ-આધારિત અધ્યાપન અને અધ્યયન કાર્ય માટે પ્રોત્સાહક છે ?
- વર્ગખંડમાં જૂથો પાડી શીખવી શકાય તેમ છે ?
- વધારે સરળતાથી વિદ્યાર્થી ઉપયોગમાં લઈ શકાય તેવું ચોકફલક અને ચોક છે ?
- વિદ્યાર્થીઓ માટેનું ચોકફલક વાપરી શકાય તેવું છે ? વિદ્યાર્થીઓ તેમની વિવિધ અધ્યયન પ્રવૃત્તિઓ માટે તેનો ઉપયોગ કરે છે ?
- બધા વિદ્યાર્થીઓ પોતાનું પાઠ્યપુસ્તક ઓળખી બતાવે છે ? તેનું વિષયવસ્તુ બરાબર વર્ણવી શકે છે ?
- બધા વિદ્યાર્થીઓ અન્ય વાંચન/લેખન/રમતગમતની સામગ્રીના નામ આપી શકે છે ? શાળામાં તેની શોધ કરી ક્યાંથી મેળવી તેની તેમને ખબર છે ? છેલ્લે તેમણે શું વાચ્યું તે કહી શકે છે ?
- વિદ્યાર્થીઓ વાપરી શકે તે માટે વર્ગખંડમાં સ્થાનિક રીતે ઉપલબ્ધ અધ્યાપન અધ્યયન સામગ્રી રાખેલી હોય છે ?
- વિદ્યાર્થીઓ તેમનાં વિવિધ કાર્યો માટે આ સાધનસામગ્રીનો ઉપયોગ કરે છે ?

**(ઘ) શિક્ષક માર્ગદર્શિકાઓ અને સાધનસામગ્રી સંબંધ આધાર :**

- શિક્ષક પાસે એવી શિક્ષક માર્ગદર્શિકા છે જેમાં શું શીખવવું, તે કેવી રીતે શીખવવું અને વિદ્યાર્થીઓ માટે ઉપયોગ કરવા નિદાનાત્મક અને મૂલ્યાંકન લક્ષી સામગ્રી સમાયેલી હોય ?
- માર્ગદર્શિકામાં શું શું સમાવિષ્ટ છે અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે શિક્ષક સમજાવી શકે છે ?
- આજના પાઠ/પાઠોનું આયોજન કરવામાં શિક્ષકે માર્ગદર્શિકાનો ઉપયોગ કર્યો હતો ? પાઠોનું આયોજન કરવામાં અને વિદ્યાર્થીઓ માટે ઉચિત અધ્યયન સામગ્રી વિકસાવવામાં શિક્ષકો તેનો નિયમિત રીતે ઉપયોગ કરે છે ?

**૨. અધ્યાપન કાર્ય માટે શિક્ષકની તૈયારી, અધ્યાપન અને અધ્યયનની પદ્ધતિઓ અને કાર્ય માટે વપરાતો સમય**

**(ક) શિક્ષકની તૈયારી અને પાઠનો પ્રારંભ :**

- દિવસ માટે શિક્ષક જરૂરી પાઠ-આયોજન તૈયાર કર્યું છે ? (શિક્ષકની દૈનિક નોંધપોથી ડાયરી) ગત દિવસના કાર્યની સમીક્ષા કરાય છે ? ગૃહ-સ્વાધ્યાયો એકઠા કરાય છે ? તપાસાય છે ?
- વિદ્યાર્થીની રુચિ અને જિજ્ઞાસા જગાડે તેવી રીતે પાઠની શરૂઆત કરાય છે ?



*સજ્જન પુરુષો ક્ષમા વડે જ દુષ્ટ લોકોને નિસ્તેજ બનાવી દે છે.*

- કોઈપણ પ્રવૃત્તિની શરૂઆત કરતાં પહેલાં શિક્ષક પ્રવૃત્તિ / પાઠનો હેતુ અને વિદ્યાર્થીઓ પાસેથી શી અપેક્ષા છે, તે તેમને જણાવે છે ?

**(ખ) અધ્યાપન અને અધ્યયનની પદ્ધતિ :**

- અધ્યાપન-અધ્યયન પદ્ધતિ અધ્યેતા પ્રત્યે મૈત્રીપૂર્ણ છે ?
- શિક્ષકે અપનાવેલી પદ્ધતિ તેની વિવિધ અધ્યાપન અને અધ્યયનની પદ્ધતિની સમજણનું પ્રતિબિંબ પાડે છે ?
- અપનાવેલી પદ્ધતિમાં સર્જનાત્મક અને નાવિન્યપૂર્ણ પ્રયુક્તિઓ પ્રતિબિંબિત થાય છે ?
- બહુશ્રેણીય શિક્ષકોની બાબતમાં તે પદ્ધતિ બહુશ્રેણીય અધ્યાપન પ્રયુક્તિઓની સમજણ પ્રતિબિંબિત કરે છે ?
- પાઠની રજુઆત દરમિયાન શિક્ષકના વ્યવહારમાં પ્રશ્નો પૂછવા / ચકાસણી કરવી / સમજાવવું સૂચના આપવી જેવી ક્રિયાઓના સમાવેશ થાય છે ?
- શિક્ષક ચોકફલક ઉપર સુવાચ્ય અક્ષરે લખે છે ? બધા વિદ્યાર્થીઓ તે લખાણ જોઈ શકે છે ?
- અધ્યાપન દરમિયાન જ્યાં જરૂર જણાય ત્યાં શિક્ષક ઝડપથી અને જરૂર પ્રમાણે ધીમેથી આગળ વધે છે ? આમ કરવામાં શિક્ષક વિદ્યાર્થીઓની જરૂરિયાતો જાણે છે ?
- પાઠ શીખવવામાં કે પાઠ વિકસાવવામાં ઉચિત અધાપન-અધયન સામગ્રી)નો ઉપયોગ કરવામાં આવે છે ?
- ટૂંકી રજૂઆત પછી શિક્ષક વ્યક્તિગત કે જૂથમાં કાર્ય કરવા વિદ્યાર્થીઓને પ્રેરે છે ?
- શિક્ષકે શરૂ કરાવેલ પ્રવૃત્તિઓ પાઠના હેતુઓ પાર પાડવાનું સરળ બનાવે છે ? જ્યાં જરૂર જણાય ત્યાં શિક્ષક મદદ પૂરી પાડે છે ?
- વિદ્યાર્થીઓના કાર્યોનું નિરીક્ષણ (સુપરવીઝન) કરે છે ?
- શિક્ષક દ્વારા થતી પાઠની રજૂઆતમાં તેની પર્યાપ્ત તૈયારી, વિષયનું જ્ઞાન, વિષય વસ્તુની સ્પષ્ટતા અને સામગ્રી ઉપરનું પ્રભુત્વ પ્રતિબિંબિત થાય છે ?

**(ગ) કાર્ય પાછળ વપરાતો સમય :**

- વધુ સમય વેડફયા વગર શિક્ષક જલદી વર્ગકાર્ય શરૂ કરાવે છે ?
- પાઠનો પ્રારંભ કરતી વખતે પાઠ માટે પર્યાપ્ત સામગ્રી શિક્ષક - પાસે તૈયાર હોય છે ?
- જો શિક્ષક કોઈ વિદ્યાર્થી કે જૂથ સાથે વ્યસ્ત હોય તો બાકીના વિદ્યાર્થીઓ કોઈને કોઈ અધ્યયન પ્રવૃત્તિમાં રોકાયેલાં હોય છે ?
- વિદ્યાર્થીઓને તેમની શક્તિઓને શિક્ષક ભિન્ન ભિન્ન કાર્યો આપે છે ?
- વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને શક્તિઓ અનુસાર અધિક કાર્યો કરવા શિક્ષક તેમને પ્રોત્સાહિત કરે છે ?
- વિવિધ પ્રકારનાં અને કક્ષાનાં કાર્યો હાથ ધરવામાં શિક્ષકોની તે કાર્યો વિશેની સમજણ પ્રગટ થાય છે ?
- નિયત કાર્ય માટે જાળવવાના સમય માટે શિક્ષક કાળજી ધરાવે છે ? તેને શિસ્ત સંબંધી કે અન્ય પ્રકારના પ્રશ્નો ઉકેલવા પાછળ સમય જાય છે ?
- અધ્યાપન સિવાયના કાર્ય માટે વપરાતો સમય ઓછામાં ઓછો હોય છે ?

**(ઘ) શિક્ષકના વાણી વ્યવહાર (પ્રત્યાયન)નાં કૌશલ્યો અને આંતરક્રિયાની તરેહ :**

- શિક્ષક વિદ્યાર્થીઓ સાથે સ્થાનિક ભાષામાં વાતચીત કરે છે ?
- અધ્યેતાઓના દૈનિક જીવનને સ્પર્શતાં ઉદાહરણોનો શિક્ષક ઉપયોગ કરે છે ?
- વિદ્યાર્થીઓ સમજી શકે તેવા શબ્દભંડોળનો શિક્ષક ઉપયોગ કરે છે ?
- વર્ગ કે જૂથની સામું જોઈએ શિક્ષક શીખવે છે ?
- બધા વિદ્યાર્થીઓ સાંભળી શકે તેટલા મોટા અવાજે (ઘાંટા પાડીને નહીં) બોલે છે ?
- પ્રશ્નોના ઉત્તરો આપવા માટે શિક્ષક વિદ્યાર્થીઓને પૂરતો સમય આપે છે ? કે ત્યાર પછી પછીનો પ્રશ્ન પૂછવાની ઉતાવળમાં હોય છે ?
- શિક્ષક વિદ્યાર્થી સાચા જવાબને પૃષ્ટિ આપે છે ? ખોટા જવાબો સુધારવા પ્રતિપોષણ પૂરું પાડે છે ?
- શિક્ષકની આંતરક્રિયા મહદઅંશે કાર્ય સંબંધિત હોય

છે ? પરંતુ રાબેતા મુજબની વિદ્યાર્થીની વર્તણુંક કે શિસ્ત સંબંધી તો નથી હોતી ને ?

**(ચ) વિદ્યાર્થીની સહભાગીદારી :**

- ➢ શિક્ષક વર્ગકાર્યના વિદ્યાર્થીઓની ભાગીદારી પ્રોત્સાહીત કરે છે ?
- ➢ શિક્ષક દરેક વિદ્યાર્થીઓને ભાગ લેવાની તક આપે છે ? કે તે ફક્ત થોડા પસંદ કરેલા વિદ્યાર્થીઓને જ સંબોધે છે ?
- ➢ વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછે છે ?
- ➢ કાર્ય સંબંધી બાબતો વિશે વિદ્યાર્થીઓ તેમના સહપાઠી સાથે આંતરક્રિયા કરે છે ?
- ➢ વર્ગખંડની અંદર કાર્યો પાર પાડવા માટે વિદ્યાર્થીઓને જવાબદારી સોંપે છે ? આવી જવાબદારીઓ વારંવાર અપાય છે ?
- ➢ વિદ્યાર્થીઓ તેમને સોંપેલી જવાબદારીઓ સારી રીતે પાર પાડે છે ?
- ➢ શિક્ષક કુમારો અને કન્યાઓ પ્રત્યે વર્ગખંડમાં સમાન લક્ષ આપે છે ?
- ➢ શિક્ષક વિદ્યાર્થીઓના નામ જાણે છે ? તેમને નામથી બોલાવે છે ?
- ➢ મનોવૈજ્ઞાનિક અંતર ઓછામાં ઓછું રહે તે હેતુથી શિક્ષક વર્ગખંડમાં આમ તેમ હરતા ફરતા રહે છે ?

**(છ) શિક્ષકનું વલણ અને વર્તન :**

- ➢ શિક્ષકનું વલણ ખુલ્લું, આનંદી અને મિત્રતાભર્યું છે ? કે શત્રુતાભર્યુ અને આપખુદીભર્યું ? શિક્ષક વિદ્યાર્થીઓને ધમકીભર્યા અવાજે સંબોધે છે ?
- ➢ વિદ્યાકીય અને સામાજિક વર્તનનાં અપેક્ષિત લક્ષ્યો વિશે શિક્ષક વિદ્યાર્થીઓને સ્પષ્ટ રીતે જાણ કરે છે ?

**૩. મૂલ્યાંકન અને પ્રતિપોષણ :**

- ➢ વિદ્યાર્થીઓને જે શીખવાઈ રહ્યું હોય તે તેઓ સમજે છે કે તેના તરફ ધ્યાન આપે છે કે કેમ તે શોધી કાઢવા શિક્ષક પ્રશ્નો પૂછે છે ?
- ➢ વિદ્યાર્થીઓ શિક્ષકનું ધ્યાન ખેંચવા માંગતા હો કે તેની મદદ માંગતા હોય ત્યારે શિક્ષક આવશ્યક સહાય પૂરી પાડે છે ?
- ➢ બધા વિદ્યાર્થીઓના કાર્યની તપાસ કરવા શિક્ષક વર્ગખંડમાં હરેફરે છે ?
- ➢ વિદ્યાર્થીના વર્ગકાર્ય વિશે શિક્ષક તરત જ પ્રતિપોષણ આપે છે ?
- ➢ વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં નિયમિત રીતે સ્વાધ્યાયો અપાય છે ?
- ➢ વિદ્યાર્થીઓની કાર્યશક્તિ વધારવા માટે અપાતા આ સ્વાધ્યાયો ઉચિત કઠિનતા ધરાવે છે ?
- ➢ શિક્ષક વિદ્યાર્થીઓના સ્વાધ્યાયો અને કસોટીપત્રો તપાસીને તેમને જલદી પાછા આપે છે ?
- ➢ શિક્ષક વિદ્યાર્થીઓના પ્રગતિની નિયમિત દેખભાળ રાખે છે ? દરેક વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલા સિદ્ધિસ્તરનો તેને ખ્યાલ છે ?
- ➢ ઉપચારાત્મક શિક્ષકકાર્ય માટે કોઈપણ ગોઠવણ કરવામાં આવી છે ?

## સંસ્કૃત

## કેટલાક સંબંધ દર્શાવતા

मातामहः નાના (માતાના પિતા)
मातुलः માતા (માતાના ભાઈ)
दौहित्रः દૌહિત્ર (દીકરીનો દીકરો)
भागिनेयः ભાણેજ (બહેનનો દીકરો)
आवुतः બનેવી (બહેનનો વર)
श्वशुरः સસરો (પતિ/પત્નીનો પિતા)
देवरः દિયર (પતિનો નાનો ભાઈ)
जनकः પિતા
भायी પત્ની
भ्रातृजाया ભાભી
मातृस्वसा માસી (માતાની બહેન)
पितामहः દાદા (પિતાના પિતા)
पितृव्यः કાકા (પિતાના ભાઈ)
पौत्रः પૌત્ર (દીકરાનો દીકરો)

भ्रात्रीय / भ्रातुः पुत्रः ભત્રીજો (ભાઈનો દીકરો)
श्यालः સાળો (પત્નીનો ભાઈ)
सुतः / पुत्रः દીકરો
अनुजः નાનો ભાઈ
माता માતા (બા)
सुषा પુત્રવધુ (દીકરાની પત્ની)
जमाता જમાઈ (દીકરીના પતિ)
पितृस्वसा ફઈ (પિતાની બહેન)

**કેટલાંક સામાન્ય વાક્યો વર્તમાન કાળ પ્રથમ પુરુષ**

बालः पठति । **બાળક ભણે (વાંચે) છે.**
शिष्यः नमति । **શિષ્ય પ્રણામ (નમન) કરે છે.**
अग्रजः वदति । **મોટા ભાઈ બોલે (કહે) છે.**
जनकः पश्यति । **પિતા જુએ છે.**
पितृयः पृच्छति । **કાકા પૂછે છે.**
पुत्रः गच्छति । **પુત્ર જાય છે.**
अश्वः धावति । **ઘોડો દોડે છે.**
वृक्षः फलति । **ઝાડ ફળે છે.**
सेवकः तिष्ठति । **સેવક ઊભો રહે છે.**
भिक्षुकः अटति । **ભિખારી ભટકે છે.**
सः निन्दति । **તે નિન્દા કરે છે.**
अयं हसति । **આ હસે છે.**
अम्बा पचति । **માતા રાંધે છે.**
अनुजा कीडति । **નાની બહેન રમે છે.**
अग्रजा खादति । **મોટી બહેન જમે (ખાય) છે.**
सुतः हसति । **પુત્ર હસે છે.**
रमा गायति । **મા ગાય છે.**
बाला लिखति । **બાળા લખે છે.**
गंगा वहति । **ગંગા વહે છે.**
सीता पिबति । **સીતા પીએ છે.**
सन्ध्या भवति । **સાંજ થાય છે.**
सा नयति । **તે લઈ જાય છે.**
इयम् इच्छति । **આ ઈચ્છે છે.**
पुष्पं विकसति । **ફૂલ ખીલે છે.**
फलं पतति । **ફળ પડે છે.**
नयनं स्फु रति । **આંખ ફરકે છે.**
मित्रं यच्छति । **મિત્ર આપે છે.**
जलं स्रवति । **પાણી ટપકે છે.**
तत् पतति । **તે (પેલું) પડે છે.**

**એકવચન, બહુવચન :**

| | एकवचनम् | बहुवचनम् |
|---|---|---|
| १. | चित्रकारः लिखति । | चित्रकाराः लिखन्ति । |
| २. | भारवाहः वहति । | भारवाहाः वहन्ति । |
| ३. | चोरः धावाति । | चोराः धावन्ति । |
| ४. | मूर्खः निन्दति । | मूर्खाः निन्दति । |
| ५. | रजकः क्षालयति । | रजकाः क्षालयन्ति । |
| ६. | तक्षकः तक्षति । | तक्षकाः तक्षन्ति । |
| ७. | गायकः गायति । | गायकाः गायन्ति । |
| ८. | नटः नृत्यति । | नटाः नृत्यन्ति । |

# વિજ્ઞાનશિક્ષણમાં વિવિધ પ્રવૃત્તિઓ

વિજ્ઞાનશિક્ષણમાં પર્યટન, આકારદર્શન, શાળાબાગ, સંગ્રહાલય કે ઝુ પ્રદર્શન, વિજ્ઞાનમંડળ, વિજ્ઞાનમેળો, પ્રશ્નપેટી, માછલીઘર જેવી પ્રવૃત્તિઓ કરી શકાય છે.

**પ્રસ્તાવિક**

ભારતે પોખરણમાં અણુવિસ્ફોટ કર્યા પછી તત્કાલીન વડાપ્રધાન માનનીય શ્રી બાજપેયીએ ‘જય જવાન, જય કિસાન’ની સાથે ‘જય વિજ્ઞાન’ સૂત્ર વહેતું મૂક્યું. વિજ્ઞાન એ વર્ગખંડની ચાર દીવાલ વચ્ચે ભણાવવાનું શાસ્ત્ર નથી. એક વાત સ્પષ્ટ છે કે બાળક સાંભળેલી વાત કરતાં જોયેલી વાત વધારે સારી રીતે યાદ રાખી શકે છે. બાળકનું મન ચંચળ હોય છે. તે પોતાની આસપાસના પર્યાવરણમાં બનતી ઘટનાઓને ધ્યાનથી જુએ છે અને પોતાના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો તે ઘર કે શાળામાં વડીલોને પૂછ્યા કરે છે.

"Telling is not teaching."

વિજ્ઞાનનું શિક્ષણ માત્ર વર્ગખંડમાં આપવું યોગ્ય નથી. વિજ્ઞાનશિક્ષણની સાથે સાથે શાળામાં પૂરક પ્રવૃત્તિઓ કરાવવી જરૂરી છે. આ સહભ્યાસ

પ્રવૃત્તિઓથી બાળકોને વધુ આનંદ આવે છે. શિક્ષણમાં વૈવિધ્યને સ્થાન મળે છે. વિજ્ઞાનશિક્ષણને લોકભોગ્ય બનાવવા માટે આવી જુદી જુદી પ્રવૃત્તિઓ આવશ્યક છે. વિજ્ઞાનશિક્ષણને આત્મસાત્ કરવા જુદી જુદી પ્રવૃત્તિ આવશ્યક છે. વિજ્ઞાનશિક્ષણને જડ ન રાખતાં તેને વિશાળ ફલક પર નીરખવાની જરૂરિયાત છે. વિજ્ઞાનની વિચારસરણીને ઘેર ઘેર પહોંચાડવાની વાત હવે ૨૧મી સદીમાં કરવી પડશે. બોલવું વાંચવું, લખવું, સાંભળવું હવે પુરાણી વાતો થઈ ગઈ છે. જોવું, સ્પર્શવું જેવી સંકલ્પનાઓ દ્વારા જો શિક્ષણકાર્ય નહિ થાય તો વિજ્ઞાનશિક્ષણનો કોઈ અર્થ રહેતો નથી. આ સંકલ્પનાઓને ચરિતાર્થ કરવા માટે જુદી જુદી પ્રવૃત્તિઓને વર્ગખંડ અભ્યાસની સાથે સાંકળવાની અતિ આવશ્યક છે. "To learn science is to do science there is no other way of learning science."

- કોઠારી પંચ

**શૈક્ષણિક મુદ્દાઓ :**

૧. વિજ્ઞાન શિક્ષણમાં ઉપયોગી જુદી જુદી પ્રવૃત્તિઓ.

૨. વિજ્ઞાન શિક્ષણમાં જુદી જુદી પ્રવૃત્તિઓની ઉપયોગિતા.

૩. ધોરણ ૫ થી ૭ના વિજ્ઞાનના ક્ષમતાકેન્દ્રી પાઠ્યપુસ્તકમાં જુદી જુદી પ્રવૃત્તિઓનું સંક્રમણ.

૪. જુદી જુદી પ્રવૃત્તિઓ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

**વિષયવસ્તુનું નિરૂપણ**

વિજ્ઞાનશિક્ષણમાં ઉપયોગી જુદી જુદી પ્રવૃત્તિઓની યાદી

| | |
|---|---|
| - પર્યટન | - પ્રશ્નપેટી |
| - આકાશદર્શન | - માછલીઘરદર્શન |
| - શાળાબાગ | - જંતુગૃહદર્શન |
| - સંગ્રહાલય | - વનસ્પતિબાગદર્શન |
| - પ્રદર્શન | - વનસ્પતિસંગ્રહ |
| - વિજ્ઞાનમંડળ | - પ્રયોગખંડ (વિજ્ઞાનખંડ) |
| - વિજ્ઞાનમેળો | - વિજ્ઞાન પ્રતિભાશોધ કાર્યક્રમ વગેરે. |

**(૧) પર્યટન**

સિદ્ધાંત : વાસ્તવિક અનુભવો દ્વારા જ્ઞાન મેળવવું.

મહત્ત્વ : ● વિષયશિક્ષકને સમૃદ્ધ બનાવી શકાય છે. ● વિદ્યાર્થી જીવંત અનુભવો મેળવે છે. ● વિદ્યાર્થીનો સમાજ સાથે નાતો ઘડાય છે. ● વિદ્યાર્થી પ્રાકૃતિક વાતાવરણથી પરિચિત થાય છે. ● પર્યટન વર્ગશિક્ષણને પૂરક બનાવે છે. ● વર્ગશિક્ષણમાં થયેલ કાર્યની ચકાસણી થાય છે. ● પર્યટન દરમિયાન સંગ્રહની વસ્તુઓ અને વિગતો એકત્ર કરી શકાય છે. ● વિદ્યાર્થીઓને ફરવું, મળવું, પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરવા માટે પર્યટન દીવાદાંડી સમાન બને છે.

**પર્યટનના હેતુઓ :**

● વિજ્ઞાનશિક્ષણમાં રુચિ પેદાકરવી. ● વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય ભણવાની પ્રેરણા મળે. ● સ્વયંનિરીક્ષણની તકો સાંપડે. ● સમૂહજીવનનો પાયો નંખાય. ● આકૃતિઓ દોરવી, આલેખ તૈયાર કરવા, ચર્ચા કરવી અહેવાલ તૈયાર કરવો વગેરે. ● કૌશલ્યોની ખિલવણી થાય.

**પર્યટન યોજતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

● પર્યટનનું ક્ષમતાલક્ષી સ્થળ નક્કી કરવું. ● શૈક્ષણિક મૂલ્ય વિચારવું. ● સ્થળના સંચાલનની પૂર્વમંજૂરી લેવી. ● વિદ્યાર્થીનાં મા-બાપની સંમતિ લેવી. ● પર્યટન સ્થળ અંગે શિક્ષકે અગાઉથી નોંધ તૈયાર કરવી. ● વિદ્યાર્થીઓને યોગ્ય જૂથમાં વહેંચવા. ● બાળકોની વયકક્ષાને અનુરૂપ સ્થળ નક્કી કરવું. ● બધાં જ જૂથને જુદીજુદી માહિતી એકઠી કરવાનું સોંપવું. ● સ્થળ છોડતાં પહેલાં સંચાલકને આભાર માનવો. ● જુદાં જુદાં જૂથોએ મેળવેલી માહિતીનું સંકલન કરવું. ● સમગ્ર માહિતી પરથી અહેવાલ લખવો.

**પર્યટન અંગે સંભવિત સ્થળો :**

| | |
|---|---|
| ● વાડી | ● ખેડૂતની મુલાકાત |
| ● ખેતર | ● પ્લેનેટોરિયમ |
| ● બાગ | ● વેધશાળા |
| ● બગીચા | ● પોસ્ટ ઑફિસ |

- બોટનિકલ ગાર્ડન
- જંગલ વિસ્તાર
- સંગ્રહસ્થાન
- દરિયાકિનારે
- ચિડિયાઘર
- નદીકાંઠો
- માછલીઘર
- પ્રાથમિક સારવાર કેન્દ્ર
- દવાખાનાં
- તબીબી કૉલેજો
- પીવાના પાણીનાં પુરવઠા કેન્દ્રો
- છાપખાનાં
- મિલો
- ઑઈલ મિલ
- કાપડ મિલ
- બેંક
- ખાતરનાં કારખાનાં
- રિફાઈનરી
- કેમિકલ ફેક્ટરી
- કાચનાં કારખાનાં
- ફોટોગ્રાફી સ્ટુડિયો
- સિનેમાઘર
- ચશ્માઘર
- તાર-ટેલિફોન કચેરીઓ
- રેલવે સ્ટેશન
- વિમાનઘર
- કમ્પ્યુટર સેન્ટર
- બરફ બનાવતું કારખાનું
- ટી.વી. સ્ટેશન

**(૨) આકાશદર્શન**

સિદ્ધાંત : 'બ્રહ્માંડમાં આપણે એકલા નથી.'

મહત્ત્વ : ● આકાશદર્શનથી અવકાશી પદાર્થોનો વાસ્તવિક ખ્યાલ મળે છે. ● 'પ્રકૃતિનું એક શ્રેષ્ઠ સર્જન એટલે આકાશ' સંકલ્પનાનો ખ્યાલ સ્પષ્ટ બને છે. ● ભરતી-ઓટ, દિવસ-રાત્રી, ગ્રહણ, ઋતુઓ વગેરેના સંબંધ સ્પષ્ટ થાય છે. ● ભૌગોલિક ઘટનાઓનો ખ્યાલ આવે છે. દા.ત., વાવાઝોડું, ધરતીકંપ વગેરે. ● ખગોળની ઘટનાઓથી વિદ્યાર્થીઓ પરિચિત થાય છે. દા.ત. ઉલ્ક પડવી, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ

**આકાશદર્શન યોજતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

● આકાશદર્શનું સ્થળ, સમય, સંખ્યા, સાધન સામગ્રી, આવવા-જવાની વ્યવસ્થા વિચારવી. ● વિદ્યાર્થીઓને અગાઉથી કાર્યક્રમ આપવો. ● માતાપિતાની પૂર્વમંજૂરી લેવી. ● શિસ્ત જળવાય તેની વ્યવસ્થા કરવી. ● ચોમાસા સિવાયની અમાસની અંધારી રાત્રિ પસંદ કરવી. ● શક્ય હોય તો સપાટ મેદાન કે ડુંગર પર આકાશદર્શન માટે જવું. ● પ્રકાશ ઓછો આવતો હોય તેવું સ્થળ હોવું જોઈએ. ● આકાશદર્શન કરાવવા માટે બાયનોક્યુલર કે ટેલિસ્કોપ જેવાં સાધનો વધારે સંખ્યામાં સાથે રાખવાં.

**(૩) શાળાબાગ**

સિદ્ધાંત : 'વિદ્યાર્થી પર્યાવરણથી પરિચિત થાય.'

મહત્ત્વ : વિજ્ઞાનમાં આવતા જીવવિજ્ઞાનના પ્રયોગોથી માહિતગાર થાય.

● સૂર્ય પ્રકાશની છોડ પર થતી અસરોનો ખ્યાલ આવે. ● જુદી જુદી જમીનની પાક પર થતી અસરનો ખ્યાલ આવે. ● વિવિધ પ્રકારનાં મૂળ, થડ, પાન, ફૂલ, ફળ, બીજ વગેરેની વૃદ્ધિ અને નિરીક્ષણનો ખ્યાલ આવે. ● બાળકોની અવલોકનશક્તિ વિકસાવી શકાય. ● ઋતુઓની વનસ્પતિ પર થતી અસર સમજાવી શકાય. ● વિવિધ વનસ્પતિઓને બાળકો ઓળખતાં થાય.

**શાળાબાગમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

શાળાબાગના સ્થળમાં પ્રકાશ, પાણી અને હવા પૂરતા પ્રમાણમાં મળતાં હોવાં જોઈએ. ● પશુ-પક્ષી નુકસાન ન કરે તેવા સ્થળે શાળાબાગ રાખવો. ● શાળાના કમ્પાઉન્ડમાં કે અગાશી પર શાળાબાગ રાખી શકાય. ● વિદ્યાર્થીઓને ત્યાં લઈ જઈ શકાય અને ક્ષમતાલક્ષી શિક્ષણ આપી શકાય તેવી જગ્યા હોવી જોઈએ. ● નાનાં ફૂલ-ઝાડ કૂંડામાં ઉગાડી શકાય. ● શાળાબાગની કામગીરી બાળકોને જ સોંપવી જેથી તેનામાં જવાબદારીભર્યા વર્તનની બાળપણથી જ ટેવ પડે.

**(૪) સંગ્રહાલય**

સિદ્ધાંત : વિદ્યાર્થીઓની સંગ્રહવૃત્તિ, કૂતુહલ, જિજ્ઞાસાને સંતોષવી.

મહત્ત્વ :

● ભૂતકાળની ઘટના કે શોધનો તાદશ્ય ચિતાર આપે છે. ● આજની શોધ સાથે ઉત્ક્રાંતીય નાતો સંગ્રહાલય જોડી આપે છે. ● વિદ્યાર્થીઓમાં વિચારશીલતા અને આયોજનબદ્ધ કાર્ય કરવાની ટેવો વિકસે છે. ● બાળકોની સમૂહભાવના વિકસે છે.

**સંગ્રહાલયમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

● વનસ્પતિના તેમજ પ્રાણીના જીવંત તેમજ મૃત નમૂનાઓનો સંગ્રહ ફોર્મેલિનના દ્રાવણમાં કરવો. ● ખડકો, ખાતરો, માટી, જંતુનાશક દવાઓ, જીવો કીટકોના અલગ અલગ વિભાગો પાડવા. ● વિજ્ઞાન

સંગ્રહાલય એ સ્ટોરરૂમ નથી એ વિજ્ઞાન શીખવતા શિક્ષકે યાદ રાખવું. ● નમૂનાઓની જાળવણી, ગોઠવણી, વિગતો સાથે વ્યવસ્થિત રાખવા. ● નમૂનાનું નામ, કુળ, પ્રાપ્ત થયાનું સ્થળ, પ્રાપ્ત કરનારનું નામ તથા હેતુ સ્પષ્ટ રીતે કાર્ડમાં લખી નામની સાથે રાખવું. ● ખરાબ બગડેલા કે બિનઉપયોગી નમૂનાઓનો સંગ્રહ ન કરવો. ● નમૂનાઓની સતત સફાઈ અને જાળવણી રાખવી.

**(૫) પ્રદર્શન :**

સિદ્ધાંત : વિવિધ પ્રકારની શૈક્ષણિક સામગ્રીને વર્ગ સમક્ષ વ્યવસ્થિત રૂપમાં રજૂ કરવી.

મહત્ત્વ ● પ્રદર્શન દ્વારા શાળાનાં બધાં જ બાળકોને પ્રત્યક્ષ કે પરોક્ષ શિક્ષણ આપી શકાય. ● બાળકોની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાશે. ● વિજ્ઞાનનું વૈવિધ્ય આકર્ષકતા અને નવીનતા બાળકો રસપૂર્વક નિહાળશે. ● બાળકોની બાલશક્તિનો વિકાસ થશે.

**પ્રદર્શન પ્રવૃત્તિમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

● વર્ગવાર પ્રદર્શન ગોઠવવાં. ● શાળાકક્ષાએ, રાજ્ય કક્ષાએ અને જિલ્લાકક્ષાએ પ્રદર્શન ગોઠવવાં. ● વિષયવાર પ્રદર્શન ગોઠવવાં. ● રાજ્ય સરકાર દ્વારા યોજાતાં પ્રદર્શનોમાં પણ બાળકોને લઈ જવાં. ● પ્રદર્શનમાં શિક્ષકે સાથે રહી નિરીક્ષણ કરાવવું. ● પ્રદર્શન શિક્ષકે પ્રથમ જોઈ જવું અને અગત્યની બાબતોની નોંધ કરી ખામીઓ દૂર કરવી.

**(૬) વિજ્ઞાનમંડળ :**

સિદ્ધાંત : બાળકોને વિજ્ઞાન તરફ અભિમુખ કરવા અને તેમનામાં વૈજ્ઞાનિક વલણ વિકસાવવું.

મહત્ત્વ : ● બાળકોમાં વૈજ્ઞાનિક વલણ અને દૃષ્ટિબિંદુ વિકસે છે. ● વિજ્ઞાનમંડળ કશુંક નવું કરવાની તક પૂરી પાડે છે. ● વિદ્યાર્થીઓમાં નવું નવું કરવાની ધગશ ઉદ્‌ભવે છે. ● વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના વિકસે છે. ● તેજસ્વી વિદ્યાર્થીઓને સ્વીકૃતિ મળે છે. ● વિદ્યાર્થીઓને નેતાગીરીની તાલીમ મળે છે. ● વિજ્ઞાનની વ્યાવહારિકતા જાણે છે. ● મુક્ત અને ઔપચારિક વાતાવરણમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે ગાઢ સંપર્કમાં આવે છે. ● વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા હોય છે.

**વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓ :**

● સર્જનપ્રવૃત્તિ ● સંગ્રહપ્રવૃત્તિ ● બૌદ્ધિકપ્રવૃત્તિ ● વાચનપ્રવૃત્તિ ● દૃશ્યપ્રવૃત્તિ ● દૈનિક નોંધ પ્રવૃત્તિ ● મુલાકાત પ્રવૃત્તિ ● પ્રયોગ પ્રવૃત્તિ ● ચર્ચાસભા ● પરિસંવાદ ● સામયિકોનું વાચન ● લેખોનું વાંચન ● પુસ્તકોનું વિગતવાર આયોજન ● પુસ્તકાલયનું નિર્માણ ● વકતૃત્વ સ્પર્ધા ● નિબંધસ્પર્ધા. ● પ્રોજેક્ટ હાથ ધરવા ● નમૂના બનાવવા ● સંગ્રહ કરવો. ● આલબમ બનાવવા ● બુલેટિન બોર્ડ પ્રવૃત્તિ ● શૈક્ષણિક સાધનો બનાવવાં. ● વિજ્ઞાનઅંક બહાર પાડવો. ● ક્ષેત્ર પર્યટન યોજવાં. ● મુલાકાતોનું આયોજન. ● સ્વનિર્મિત સાધનો બનાવવાં. ● ઉપકરણો બનાવવાં. ● સાહિત્યનું નિર્માણ કરવું. ● વિજ્ઞાનીઓની તિથિઓ ઊજવવી. ● પ્રશ્નપેટી પ્રવૃત્તિ ● પ્રશ્નોત્તરી યોજવી. ● કોયડા ઉકેલવા.

**વિજ્ઞાનમંડળ પ્રવૃત્તિમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

● વિજ્ઞાનમંડળના પ્રમુખ (બંધારણીય વડા) આચાર્યને બનાવવા. ● વિજ્ઞાનમંડળના સંચાલક (વહીવટી વડા) વિજ્ઞાનશિક્ષક રહેશે. ● વિજ્ઞાનમંડળના સભ્યો વિદ્યાર્થીઓ રહેશે. ● હોદ્દેદારોની વરણી, તેનું કાર્યક્ષેત્ર, સભ્ય ફી વગેરે અગાઉથી નક્કી કરવું. ● વિજ્ઞાનમંડળની પ્રવૃત્તિઓ માટે નાનકડો રૂમ પસંદ કરવો જ્યાં પાણી, હવા ઉજાસની સગવડ હોય. ● વિદ્યાર્થીઓને સર્જક પ્રવૃત્તિઓ આપવી. ● વિજ્ઞાનમાં રસ ધરાવનાર, સમય ફાળવી શકનાર તથા વિશિષ્ટ કૌશલ્યો ધરાવનાર વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવી. ● વિજ્ઞાનમંડળનું સંચાલન રસ ધરાવતા શિક્ષકના માર્ગદર્શન હેઠળ બાળકો જ કરે તે જરૂરી છે.

**(૭) વિજ્ઞાનમેળો**

સિદ્ધાંત : વિજ્ઞાન પ્રતિભાનો જાહેર પરિચય કે સ્વીકૃતિની તક પૂરી પાડવી.

મહત્ત્વ : ● વિજ્ઞાનમેળો એ વિજ્ઞાનની પ્રવૃત્તિઓ પૈકીની શ્રેષ્ઠ પ્રવૃત્તિ છે. ● વિજ્ઞાનમેળાથી વિજ્ઞાનના પોષક વાતાવરણનું સર્જન થાય છે. ● વિજ્ઞાનમેળો

વિદ્યાર્થીની માનસિક માનવજત કરે છે. ● વિદ્યાર્થીને જનસમાજ સમક્ષ રજૂ થવાની તક મળે છે. ● વિજ્ઞાનમેળાથી ઊગતી પ્રતિભા બહાર આવે છે. ● વિજ્ઞાનમેળો વિજ્ઞાનનો ઉત્સવ પુરવાર થાય છે. ● વિજ્ઞાનમેળાથી શિક્ષક-વિદ્યાર્થી નજીક આવે છે. ● વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક કૌશલ્ય, લેખનકૌશલ્ય, વૈજ્ઞાનિક જ્ઞાન, અવલોકનશક્તિ, સર્જનાત્મકશક્તિ જેવી વિવિધ શક્તિઓ વિકસે છે. ● વિજ્ઞાનમેળાથી સમાજને વિજ્ઞાનમય વાતાવરણ મળી રહે છે.

**વિજ્ઞાનમેળામાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

● વિજ્ઞાનમેળાના હેતુઓની સ્પષ્ટતા કરવી. ● વિજ્ઞાનમેળાનો વ્યાપ, વિસ્તાર અને વિભાગો વિચારવા. ● વિજ્ઞાનમેળા માટેનું બજેટ તથા નાણાકીય વ્યવસ્થા વિચારવી. ● વિજ્ઞાનમેળાનું સ્થળ, સમય તથા સગવડતાઓનો વિચાર કરવો. ● વિજ્ઞાનમેળા માટે સમિતિઓની રચના કરવી અને જવાબદારી સોંપવી. ● વિજ્ઞાનમેળાના મૂલ્યાંકન માટે નિર્ણાયકોની વ્યવસ્થા કરવી. ● મૂલ્યાંકનનાં ધોરણો, ઈનામો વગેરેની અગાઉથી જાહેરાત કરવી.

**(૮) પ્રશ્નપેટી :**

સિદ્ધાંત : રોજબરોજના અનુભવોમાંથી પેદા થતી સમસ્યાઓનો ઉકેલ મેળવવો.

મહત્ત્વ : ● વર્તમાનપત્રો તથા પુસ્તકોમાં આપેલા કોયડાઓ ઉકેલવા. ● વૈજ્ઞાનિક પ્રશ્નોના ઉકેલ મેળવવો. ● વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવી. ● શરમાતાં બાળકોની મનની વાતો જાણવી. ● જાહેરમાં પ્રશ્ન પૂછતા સંકોચ અનુભવતા બાળકોના પ્રશ્નોના ઉકેલ મેળવવા. ● પ્રશ્ન પૂછવાની કળાનો વિકાસ સાધવો.

**પ્રશ્નપેટી પ્રવૃત્તિમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

● પ્રશ્નપેટીમાં બાળકો પ્રશ્નો નાંખે તે પ્રશ્નો અઠવાડિયામાં નક્કી કરેલા દિવસે અને સમયે કાર્યક્રમ ગોઠવી ઉકેલવા. ● શિક્ષકે અગાઉથી પ્રશ્નોના ઉકેલ શોધવા માટે પ્રયત્ન કરવો. ● પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષકે સામયિકો, પોતાના અનુભવો, પુસ્તકો, નિષ્ણાતોનો ઉપયોગ કરવો. ● કદાચ કોઈક પ્રશ્નનો ઉકેલ ન મળે તો નિખાલસ ભાવે એકરાર કરવો. ● પ્રશ્નના જવાબ ગોળ ગોળ આપવાને બદલે સ્પષ્ટ આપવા. ● આ પ્રવૃત્તિમાં ઉત્સાહી અને હોશિયાર વિદ્યાર્થીઓનો સમાવેશ કરવો. ● કેટલાક સહેલા પ્રશ્નોના ઉકેલ શોધાવી બાળકો પાસેથી મેળવવા.

**(૯) માછલીઘર દર્શન :**

સિદ્ધાંત : બાળકોની અવલોકન શક્તિની તીવ્રતા વધારવી.

મહત્ત્વ : ● બાળકો માછલીની ક્રિયાઓ નિહાળે. ● માછલીની હલનચલન ક્રિયાઓ જાણવી. ● માછલીની ખોરાક લેવાની ક્રિયાઓ જાણવી. ● માછલીની તરવાની ક્રિયા જાણવી. ● માછલીની જળવિસર્જનની ક્રિયા જાણવી.

**માછલીઘર દર્શન પ્રવૃત્તિમાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

● શાળાની નજીક આવેલ તળાવ, નદી કે સરોવરમાંથી જીવંત માછલીઓ લાવવી. ● માછલીઘર બનાવવા માટે કાચની દીવાલોવાળી ઍલ્યુમિનિયમની ફ્રેમથી ફીટ કરેલી પેટી વાપરવી. ● માછલીઘરની પેટીને દરરોજ વધુમાં વધુ એક કલાક સૂર્યપ્રકાશ મળે તે રીતે રાખવી. (વધારે સમય પ્રકાશ મળશે તો પાણીમાં લીલ બાઝશે, જે માછલીની તંદુરસ્તી માટે હાનિકારક છે.) ● પાણીમાં લીલ ન થાય તે માટે ૫૦ ટકા મિથિલીન બ્લ્યૂનાં બે ટીપાં નાખવાં (વધારે ટીપાં નાખશો તો માછલીઘરમાં રાખેલ છોડને નુકસાન થશે.) ● માછલીઘરને સ્થિર જગ્યાએ રાખવું. ● માછલીઘરમાં જલજ વનસ્પતિ રાખવી. ● માછલીઘરમાં દર ૩ ગેલન દીઠ ૧ ચમચી મીઠું નાખવું. ● દર ૧ ૧/૨ ગેલન દીઠ ૧ માછલી માછલીઘરમાં રાખવી. ● માછલીને જરૂરિયાત પ્રમાણે ખોરાક આપવો. ખોરાકના તૈયાર ડબા બજારમાં મળે છે. ● અઠવાડિયે એક દિવસ માછલીને ખોરાક ન આપવો જેથી માચલીની તંદુરસ્તી વધશે. ● કેટલીક વાર માછલી પર ધોળા ડાઘ પડે છે. આવા વખતે પાણીમાં ડેટોલનાં બે ટીપાં નાખવાં.

# સફળતાનો દીપ

**હેમાંગ આર. પટેલ**
આ.શિ. મીઠાપુર પ્રા. શાળા

સફળતા એ કોઈનો ઈજારો નથી કોઈ પણ વ્યક્તિ શિસ્તબદ્ધ તાલીમ અને પરિશ્રમ દ્વારા સફળતા હાંસલ કરી શકે છે. આકસ્મિક રીતે મળી જતી સફળતા લાંબો સમય ટકતી નથી, કારણ કે વ્યક્તિ બહારના ભ્રામક વ્યક્તિત્વથી લોકોને થોડો સમય મૂર્ખ બનાવી શકે છે, પરંતુ પછી તેનું આ વ્યક્તિત્વ આપોઆપ ઉઘાડું પડી જાય છે.

''જીવન મેં કુછ કરના હૈતો મન કો મારે મત બેઠો, આગે આગે બઢના હૈતો, હિંમત હારે મત બેઠો.''

ગણિતના અસંખ્ય સૂત્રો જાણ્યા હશે, આજે આપણે સફળતાના સૂત્રને જોઈએ-

પ્રચંડ પરિશ્રમ + અંખડ ધિરજ-ઈચ્છિત સફળતા

આ નાનું એવું સૂત્ર જીવનના પ્રત્યેક મુશ્કેલ મુકાબલામાં દરેક દ્વિધાઓમાં અને કપરી કસોટીઓમાં વિજેતા બનવાનુંસૂત્ર છે.

''તેજ ચલને વાલા ખરગોશ કુછ દેર ચલ કે રૂક ગયા,
ધીરે ધીરે ચલતા કછુઆ આખિર બાજી માર ગયા !
જેનામાં આગ હોય તે મનુષ્ય આગળ આવે જ !

ઉમદા ધ્યેય સાથે પ્રચંડ પરિશ્રમ અને અખંડ ધીરજના સથવારે આગળ વધનારા મનુષ્યને મુશ્કેલ જણાતું લક્ષ્ય આખરે પ્રાપ્ત થાય છે.

''શું કઠોરપરિશ્રમ નો કોઈ વિકલ્પ છે ?
હા છે ! અતિ કઠોર પરિશ્રમ !!''

મિત્રો, પરિશ્રમ એ જ ખરો પારસમણિ છે, અને તેમાં આપણી આંતરિક ઉર્જાની ખરી માપણી છે. બાકી 'નસીબ' નામનો શબ્દ તો ઘટના ઘટી ગયા પછીનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ છે. જે દરેક મનુષ્યના કિસ્સામાં નિષ્ફળતાના પાચન માટેની આશ્વાસનરૂપ ઔષધિ તરીકે કાર્ય કરે છે. બાકી આ કહેવાતી ''કમનસીબીના કુતુબમિનાર'' ને ધરાશાયી કરી એ જ સાહસની ભૂમિ પર ''સદનસીબીના સરોજ'' ખિલાવી નંદનવન નિર્માણ કરી શકાય છે. પ્રચંડ પરિશ્રમ અને અખંડ ધીરજનું પાણી અને ખાતર સમયસર સીંચવામાં આવે ત્યારે સફળતાનો દીપ પ્રગટી જાય છે.

દિલ ફાડીને ''ઈશ્ક'' કરવા સમર્થ મનુષ્ય સફળતાનો દીપ પ્રગટાવવા પરિશ્રમ શા માટે ન કરે ?

'રાહ મેં ખતરે હૈ, ઠહરતા કૌન હૈ, મૌત આજ ભી આ જાય, ડરતા કૌન હૈ,
તેરે લશ્કર કે આગે મૈ અકેલા હૂં, ફૈસલા મેદાન મે હોગા મરતા કૌન હૈ ? !

# હલેસું

આગળ વધવાની ઈચ્છા અને નવા જન્મમાં અંતર નથી. બાળકોને આગળ વધવાની ઘણી ઈચ્છાઓ હોય છે. આપણે તેમને માર્ગદર્શનરૂપી નાવમાં બેસાડી પુરુષાર્થના હલેસા વડે તેમના સ્વપ્નોના સાગરને પાર કરાવીએ.

સાહસિક વ્યક્તિઓએ શક્તિ ઉધાર માંગવી પડતી નથી. તેમનો અંતરાત્મા જ તેને બળ આપે છે. આજ ના જ્ઞાન-વિજ્ઞાનનાં વિસ્ફોટક સમયમાં બાળકને શિક્ષણ ઘણું જ અઘરું લાગે છે. બાળકોને ભણતર ભારવાળું લાગે છે. ડીગ્રી મેળવીને સારો વ્યવસાય મેળવવા માટે જ શિક્ષણ લેતા હોય એવું લાગે છે. હકીકતમાં તો શિક્ષણ અને ચારિત્ર્ય-નિર્માણ સાથે જ હોવા જોઈએ. કેળવણીથી જીવનધોરણ સુધરે છે. -આવું મૂલ્યલક્ષી શિક્ષણ મળે તે માટે આપણે અનુકુળ વાતાવરણ સર્જવું પડશે. બાળકો તેમની કલ્પનાઓને જીવંત કરે, તેમની આગવી પ્રતિભાને વ્યવહારમાં અમલમાં મુકે અને પ્રકૃતિ સાથે કદમ મિલાવી સ્વ-કલ્યાણના પંથે આગળ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

આ માટે આપણે સુધારો લાવવો જોઈએ. ગાંધીજીના શબ્દોમાં સમજીએ તો...." સુધારો એ વર્તન છે કે જેથી માણસ પોતાની ફરજ બજાવે. ફરજ બજાવવી તે નીતિ પાળવી એ છે. નીતિ પાળવી એ આપણા મનને તથા આપણી ઈંદ્રિયોને વશમાં રાખવી અ છે. એમ કરતાં આપણે આપણને ઓળખીએ છીએ. આ જ 'સુ' એટલે સારો ધારો છે.

Book Post

To,

(માસિક)

રવાનગી કારકુન :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર. જિ. પંચમહાલ.
ફોન અને ફેક્સ નં. (૦૨૬૭૫) ૨૨૦૦૫૮, ૨૨૦૦૬૨